(૬ જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ ભારતના રાજપત્ર, વિશેષ, ભાગ-૨, ખંડ-૩, પેટા ખંડ (૨)માં પ્રકાશિત)

દરિયાકાંઠા નિયમન વિસ્તાર (સીઆરઝેડ) અધિસૂચના પત્ર (નોટિફિકેશન)
પર્યાવરણ અને વન મંત્રાલય
(પર્યાવરણ, વન અને વન્યજીવ વિભાગ)

એસ.ઓ. ૧૯ (ઈ). - જ્યાં, પર્યાવરણ (સંરક્ષણ) કાયદો-૧૯૮૬ના પેટા ખંડ-૧ અને ખંડ-૩ના પેટા ખંડ-૨ની ધારા (V) અંતર્ગત નોટિફિકેશનનો મુસદ્દો જારી કરવામાં આવ્યો અને દરિયાકાંઠાની પટ્ટીઓને દરિયાકાંઠા નિયમન વિસ્તાર (સીઆરઝેડ) જાહેર કરવામાં આવ્યા છે, જે અંગે સંબંધિત તમામ લોકોને સૂચનો અને વાંધાઓ રજૂ કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ જારી કરવામાં આવેલા એસ.ઓ. નં. ૨૨૯૧(ઈ) અંતર્ગત સીઆરઝેડમાં ઉદ્યોગોની સ્થાપના, કાર્યવાહી અને પ્રક્રિયાને પ્રતિબંધિત કરી દેવામાં આવેલી.

અને જ્યાં, કથિત રાજપત્રની નકલો ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ જાહેરજનતા માટે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

અને જ્યાં, જાહેરજનતા દ્વારા મળેલાં સૂચનો અને વાંધાઓને કેન્દ્ર સરકારે ધ્યાનમાં લીધાં છે.

હવે, એટલે, પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ (૧૯૮૬નો ૨૯મો)ના પેટા ખંડ (૧) અને ખંડ-૩ના પેટા ખંડ (૨)ની ધારા (V) અંતર્ગત પ્રાપ્ય સત્તાનો ઉપયોગ કરીને કેન્દ્ર સરકાર દ્વારા માછીમારી સમુદાય અને દરિયાકાંઠે વસતા અન્ય સ્થાનિક સમુદાયોની આજીવિકાને નિશ્ચિત બનાવવા, દરિયાકાંઠાના અનોખા પર્યાવરણ તથા તેના દરિયાઈ વિસ્તાર તથા કુદરતી જોખમો તેમજ ક્લાઇમેટ ચેન્જથી વધતી દરિયાની સપાટી વગેરે જોખમોને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક સિદ્ધાંતોને સુસંગત એવો ટકાઉ વિકાસ સાધીને દરિયા કાંઠાના વિસ્તારની સંભાળ અને સંરક્ષણ માટે અત્રે જાહેર કરવામાં આવે છે કે દેશના દરિયાકાંઠાના વિસ્તારો અને તેની જળસપાટીને ધ્યાનમાં રાખીને અંકિત કરાયેલા જળપ્રદેશો, જેમાંથી આંદામાન-નિકોબાર અને લક્ષ્યદ્વિપ ટાપુઓ અને આ ટાપુઓની ફરતે આવેલા દરિયાઈ પ્રદેશને બાદ કરીને બાકીના દરિયાકાંઠા વિસ્તારો દરિયાકાંઠા નિયમન વિસ્તાર (સીઆરઝેડ) અંતર્ગત આવી જશે અને આ વિસ્તારમાં ઉદ્યોગોની સ્થાપના અને વિસ્તરણ, કાર્યવાહી કે પ્રક્રિયાઓ પ્રતિબંધિત છે અને જોખમી વસ્તુઓનો, જેનો ઉલ્લેખ હઝાર્ડસ સબસ્ટન્સીસ (હેરફેર, વ્યવસ્થાપન અને સ્થળાંતરની પ્રક્રિયા) નિયમો, ૨૦૦૯માં થયેલો છે, તેના ઉત્પાદન કે હેરફેર કે સંગ્રહ કે નિકાલ ઉપરોક્ત સીઆરઝેડ અંતર્ગત પ્રતિબંધિત છે.

પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ના નિયમ-૫ના પેટા નિયમ (૩) અને ધારા (d) દ્વારા મળેલી સત્તાનો ઉપયોગ કરીને અને ૧૯ ફેબ્રુઆરી, ૧૯૯૧ના રોજ ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયમાં જારી નોટિફિકેશન એ.ઓ. નંબર ૧૧૪ (ઈ)ની કેટલીક બાબતો જાળવી રાખીને તો કેટલીકને પડતી મૂક્યા પછી રદબાતલ કરીને કેન્દ્ર સરકાર અત્રે ઘોષણા કરે છે કે અહીં નીચે જણાવેલા વિસ્તારો સીઆરઝેડમાં ગણાશે અને સદર નોટિફિકેશનની તારીખથી સીઆરઝેડ વિસ્તારમાં ઉદ્યોગોની સ્થાપના અને વિસ્તરણની કાર્યવાહી કે પ્રક્રિયાઓ વગેરે પ્રતિબંધિત ગણાશે.

(i). દરિયા કિનારેની ઉચ્ચ ભરતી રેખા (જેનો હવેથી એચટીએલ એવો ઉલ્લેખ કરીશું)થી જમીન તરફનો ૫૦૦ મીટરનો જમીનનો વિસ્તાર

(ii). દરિયાકાંઠાની નજીકમાં આવેલા ભરતી પ્રભાવિત જળાશયોના કિનારાથી જમીન તરફ એચટીએલથી ૧૦૦ મીટર સુધી અથવા તો ક્રીકની પહોળાઈ જે ઓછો હોય તે જમીનનો વિસ્તારને સીઆરઝેડ લાગુ પડશે. આવા ભરતી પ્રભાવિત જળાશયથી કેટલા અંતરે વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે મંજૂરી આપવામાં આવશે તેનો આધાર ક્યાં સુધી ભરતીના પાણી પહોંચે છે, તેના પર રહેશે. આ માટે ભરતી ન હોય એવા સમયે, જેને સૌથી સુકો સમયગાળો ગણવામાં આવતો હોય ત્યારે હજારના પાંચમાં ભાગે (પાંચ પીપીટી) ભેગી થયેલી ખારાશના આધારે મપાશે. કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન્સમાં (જેનો ઉલ્લેખ હવેથી સીઝેડએમપીઝ તરીકે કરીશું) સ્પષ્ટ અને અંકિત કરેલી ભરતીની અસરની સીમારેખાનો ઉલ્લેખ કરવામાં આવશે.

સ્પષ્ટતા : આ પેટા ફકરામાં ઉલ્લેખિત ભરતી પ્રભાવિત જળાશય મતલબ દરિયા, અખાત, દરિયામાં મળતી નદીનું મુખ, ક્રીક, નદી, ખાડી, દરિયાને અડોઅડ આવેલું તળાવ કે ક્રીક જેવાં જળાશયો, જે ભરતીથી અસર પામતાં હોય.

(iii). જોખમી રેખા અને એચટીએલથી ૫૦૦ મીટરના જમીન વિસ્તારની વચ્ચે પડતો જમીનનો વિસ્તાર. ભરતીથી પ્રભાવિત જળાશયોના કિસ્સામાં દરિયાનો કાંઠો અને જોખમી રેખા તથા ભરતીની રેખાથી ૧૦૦ મીટરની વચ્ચેનો વિસ્તાર આવે. જોખમી રેખાની આંકણી પર્યાવરણ અને વન મંત્રાલય (જેનો ઉલ્લેખ એમઓઈએફ તરીકે કરીશું) દ્વારા સર્વે ઓફ ઇન્ડિયા (જેનો ઉલ્લેખ હવેથી એસઓઆઈ તરીકે કરીશું) કરવામાં આવે છે, જેમાં ભરતી, મોજાં અને દરિયાની વધતી સપાટી અને દરિયાની જળરેખાના બદલાવને ધ્યાનમાં રાખીને આંકણી કરવામાં આવે છે.

(iv). ભરતીની ઉચ્ચતમ સીમારેખા (એચટીએલ) અને ભરતીની (ઓટની) નિમ્નતમ સીમારેખા અથવા નિમ્ન ભરતી રેખા (જેનો ઉલ્લેખ હવેથી એલટીએલ તરીકે કરીશું) વચ્ચેનો જમીનનો વિસ્તાર, જેને આંતરભરતી વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે.

(v). દરિયાની બાબતમાં ઓટની રેખા (એલટીએલ)થી ભૌગોલિક જળ સીમા (બાર નોટિકલ માઇલ્સ)ની વચ્ચેનો જળ અને સ્થળ વિસ્તાર અને ભરતી પ્રભાવિત જળાશયોની બાબતમાં દરિયાકાંઠામાં ઓટની રેખા (એલટીએલ)થી સામેના કાંઠાની ઓટ રેખા વચ્ચેનો જળ અને સ્થળ વિસ્તાર.

2. આ નોટિફિકેશનના કાર્યહેતુ, ઉચ્ચ ભરતી રેખા (એચટીએલ) એટલે પરિશિષ્ટ-૧માં જણાવેલી સામાન્ય માર્ગરેખાઓને ધ્યાનમાં કેન્દ્ર સરકાર દ્વારા અધિકૃત સત્તામંડળ અથવા તો રેખાંકન કરનારા સત્તામંડળ દ્વારા દેશના તમામ વિસ્તારોમાં એકસરખી રીતે વસંતની ભરતી ટાણે દરિયાના પાણી વધુમાં વધુ જેટલી જમીન સુધી પહોંચી ગયા હોય, ત્યાં એચટીએલ રેખાંકિત કરવામાં આવશે. ભરતીની ઉચ્ચતમ સીમારેખાની આંકણીનું કામ આ નોટિફિકેશનની પ્રસિદ્ધિની તારીખથી એક વર્ષના ગાળામાં પતાવવાનું રહેશે.

3. **સીઆરઝેડમાં પ્રતિબંધિત પ્રવૃત્તિઓ** - સીઆરઝેડમાં અહીં નીચે જણાવેલી પ્રવૃત્તિઓને પ્રતિબંધિત જાહેર કરવામાં આવી છે :

(i). નવા ઉદ્યોગોની સ્થાપના અને હયાત ઉદ્યોગોનું વિસ્તરણ સિવાય કે -

(a). જે સીધી રીતે દરિયાકિનારા સાથે સંકળાયેલી હોય અથવા તો જેને સીધી રીતે દરિયાકાંઠાની સુવિધાઓની જરૂર પડતી હોય.

સ્પષ્ટતા : દરિયાકાંઠાની સુવિધાઓમાં જે પ્રવૃત્તિઓને નોટિફિકેશન અંતર્ગત મંજૂરી મળેલી હોય અને જેને કાંઠા પરની સુવિધાઓ, જેમકે બંદરો અને બંદરગાહ, જેટી, જહાજી ઘાટ, ઘાટ, જમીનધોવાણ અટકાવવાનાં પગલાં, જમીન પર રહી જતું દરિયાનું પાણી, પાઇપલાઇનો, દીવાદાંડી, સમુદ્રી સુરક્ષા સુવિધાઓ, દરિયાકાંઠાનાં પોલીસ મથકો વગેરે

(b). પરમાણુ ઊર્જા વિભાગના પ્રોજેક્ટ્સ

(c). સીઆરઝેડ-1 (i) માં સમાવિષ્ટ ન હોય એવા વિસ્તારમાં સામાજિક અસર સહિતની અસરોની આકારણીના આધારે બિનપરંપરાગત ઊર્જાસ્રોત પાસેથી ઊર્જા મેળવવાનાં સંયંત્રો અને પાણીના શુદ્ધીકરણના પ્લાન્ટ્સની સુવિધાઓ ઊભી કરવી.

(d). માત્ર નવી મુંબઈમાં બહાલીપ્રાપ્ત ગ્રીન ફીલ્ડ એરપોર્ટનો વિકાસ

(e). સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરના નગરનિયોજનના નિયમો અનુસાર માછીમાર સહિતના સ્થાનિક સમુદાયોનાં આવાસના એકમોનું ફેરબાંધકામ અને સમારકામ

(ii). પર્યાવરણ અને વન મંત્રાલયના ૨૮ જુલાઈ, ૧૯૮૯ના રોજ જારી કરાયેલા ક્રમ એસ.ઓ. ૫૯૪(ઈ), ૨૭ નવેમ્બર, ૧૯૮૯ના રોજ જારી એસ.ઓ. ક્રમ ૯૬૬ (ઈ) અને પાંચમી ડિસેમ્બર, ૧૯૮૯ની તારીખે જારી કરાયેલા જીસીઆર ૧૦૩૭ (ઈ) નોટિફિકેશન્સમાં જણાવ્યા અનુસાર તેલના ઉત્પાદન અને હેરફેર તથા જોખમી વસ્તુઓનો સંગ્રહ કે નિકાલ સિવાય -

(a). બંદર, ટર્મીનલ અને રિફાઇનરીથી આવતા કે જતાં જહાજોમાં જોખમી વસ્તુઓની હેરફેર

(b). આ નોટિફિકેશનના પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા પ્રમાણે પેટ્રોલિયમ પેદાશો અને પ્રવાહી કુદરતી ગેસને (જેનો ઉલ્લેખ હવેથી એલપીજી તરીકે કરીશું) મેળવવા અને સંગ્રહ કરવાની સુવિધાઓ અને સીઆરઝેડ-૧(i)માં ન આવતા હોય એવા વિસ્તારમાં પ્રવાયી કુદરતી ગેસને ફરી વાયુ સ્વરૂપે પરિવર્તિત કરવાની સુવિધાઓ મેળવી શકાય, પરંતુ તેમાં સુરક્ષાના નિયમોના પાલન સાથે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયમાં ઓઇલ ઇન્ડસ્ટ્રી સેફ્ટી ડાયરેક્ટરેટ દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકાનું અને એમઓઈએફ દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવતું હોય અને વધુમાં ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયના નેજા હેઠળ દર્શાવેલ પર્યાવરણ સુધાર અને પુનઃસ્થાપનાનાં પગલાં અને શરતોનું અમલીકરણ થતું હોય.
રાસાયણિક ખાતરો અને આ ખાતરો બનાવવા માટેના કાચા માલ એમોનિયા, ફોસ્ફરિક એસિડ, સલ્ફર, સલ્ફરિક એસિડ, નાઇટ્રિક એસિડ વગેરેને મેળવવા અને સંગ્રહ કરવાની સુવિધા માટે સીઆરઝેડ-૧(i)માં વર્ગીકૃત ન હોય એવા વિસ્તારમાં ઉક્ત પ્રદેશમાં તેની મંજૂરી મળી શકે છે.

(iii) ફિશ પ્રોસેસિંગ એકમ, જેમાં વખાર (વેરહાઉસ)નો પણ સમાવેશ થઈ જાય તેની (મંજૂરીપ્રાપ્ત વિસ્તારમાં હેચરી અને કુદરતી મચ્છી સુકવવાનું સામેલ નથી) સ્થાપના અને વિસ્તરણ.

(iv) જમીન સુધારણા, બંધ કે દરિયાના વહી આવતા પાણી માટે પાળા બનાવવા, સિવાય કે -

(a) દરિયાકિનારા પરની સુવિધાઓ, જેવીકે બંદર, બંદરગાહ, જેટ્ટી, ડક્કા, જહાજ ઘાટ, સ્લીપવે, પુલ, સીલિંક્સ, રસ્તાઓ, દરિયાઈ પોલીસ થાણાં અને સંરક્ષણ તથા લશ્કરી હેતુ માટે હેલિપેડ વગેરે તેમજ અન્ય જરૂરી પ્રવૃત્તિઓ માટે જરૂરી સુવિધાઓની સ્થાપના, આધુનિકીકરણ અને વિસ્તરણની મંજૂરી નોટિફિકેશનમાં આપવામાં આવી છે.

(b) જમીન ધોવાણ અટકાવવા માટે, એન્વાયર્નમેન્ટ ઇમેપેક્ટ એસેસમેન્ટ (જેને હવેથી ઈઆઈએ તરીકે ઉલ્લેખીશું)ના અભ્યાસ સહિતના વૈજ્ઞાનિક અભ્યાસોના આધારે લેવાયેલાં પગલાંઓ.

(c) ઈઆઈએ અભ્યાસો સહિતના વૈજ્ઞાનિક અભ્યાસોના આધારે જળમાર્ગો, કેનાલ અને બંદરોની મરામત અને સફાઈ

(d) એમઓઈએફ દ્વારા અધિકૃત કરવામાં આવેલી સંસ્થા દ્વારા કરવામાં આવેલા ઈઆઈએ સહિતના વૈજ્ઞાનિક અભ્યાસોના આધારે રેતીના ઢગ થતાં અટકાવવા, ભરતીની વિનાશકતા રોકવાની વ્યવસ્થા,વરસાદી પાણીના નિકાલ માટેની ગટરલાઇનો કે સ્વચ્છ મીઠા પાણીમાં વધતી જતી ખારાશ રોકવાનાં પગલાં.

(v) ઔદ્યોગિક કચરાના નિકાલ અને વહેવડાવવા માટેના એકમો કે તંત્રોની સ્થાપના કે વિસ્તરણ ઉપરાંતની જરૂરી સુવિધાઓ-

(a) જળ (પ્રદૂષણ અટકાવ અને નિયંત્રણ) કાયદો, ૧૯૭૪ (૧૯૭૪નો છઠ્ઠો) અંતર્ગત પ્રક્રિયા કરેલ ઔદ્યોગિક પ્રવાહી કચરાનો પાણીમાં છોડવો.

(b) વરસાદી પાણીના નિકાલની ગટરો અને પમ્પિંગના સહાયક માળખાઓ

(c) સીઆરઝેડ-૧ સિવાયના સીઆરઝેડના વિસ્તારોમાં આવેલી હોટલ અને બીચ રિસોર્ટ્સમાંથી નીકળતો કચરો અને ગંદા પાણીના શુદ્ધીકરણની પ્રક્રિયા અને ટ્રીટમેન્ટ કરાયેલા પાણી અને કચરાનો નિકાલ

(vi) ઉદ્યોગો, શહેરો કે નગરો અને અન્ય માનવ વસાહતો-રહેઠાણોમાંથી નીકળતો શુદ્ધીકરણ કર્યા વિનાનો કચરો અને ગંદા પાણી સંદર્ભે સંબંધિત તંત્ર દ્વારા આવી પ્રવૃત્તિને રોકવા માટે નોટિફિકેશન જારી કરાયેલાના બે વર્ષની અંદર તેને અટકાવવાની કોઈ યોજનાનું અમલીકરણ કરાવવાનું રહેશે.

(vii) શહેરો કે નગરોના ઔદ્યોગિક ઘન કચરા, બાંધકામનો કાટમાળ, રાખ વગેરેનો ઉપયોગ જમીન પુરાણમાં થતો હોય કે બીજી રીતે તેનો નિકાલ કરાતો હોય તો આ નોટિફિકેશન જારીના થયાના એક વર્ષની અંદર તેને બંધ કરાવવાના પ્રયાસો હાથ ધરવાના રહેશે.

**નોંધ :** એમઓઈએફ ફકરા ક્રમાંક (v), (vi) અને (vii) સંદર્ભે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કાર્ય આયોજનો તૈયાર કરવા અને તેના અમલીકરણ તેમજ સમયમર્યાદાને ધ્યાનમાં રાખવા સહિતની દેખરેખ માટે અલગથી સૂચનાઓનો પરિપત્ર જારી કરશે.

(viii) મોટા પાયે ધોવાણ થઈ રહ્યું હોય એવા દરિયાકાંઠે બંદર કે બંદરગાહના પ્રોજેક્ટ. રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના તંત્ર સાથે ચર્ચા-વિચારણા કરેલી હોય તેમજ વૈજ્ઞાનિક અભ્યાસના આધારે એમઓઈએફ દ્વારા તારવવામાં આવેલા હોય એવા ઈઆઈએ નોટિફિકેશન-૨૦૦૬ અનુસાર વ્યૂહાત્મક અને સામરિક (સૈન્ય) સાથે સંબંધિત પ્રોજેક્ટને અપવાદરૂપ ગણીને મંજૂરી અપાય છે.

(ix) દુકાનો અને રહેઠાણ સંકુલો, હોટલો અને મનોરંજન પ્રવૃત્તિઓ જેવા વ્યાપારિક ઉદ્દેશો માટે જમીનસુધાર

(x) રેતી, પથ્થરો કે એવી સામગ્રીનું ખનન, સિવાય કે -

(a) સીઆરજેડ વિસ્તારની બહારના પ્રદેશોમાં ઉપલબ્ધ ન હોય એવા ખનિજો,

(b) ઓઇલ અને કુદરતી ગેસની શોધ અને દોહન

(xi) ભરતીની ઉચ્ચતમ સીમારેખાનાથી ૨૦૦ મીટરની અંદર જમીનની અંદરથી ભૂગર્ભ જળ બહાર ખેંચવું અને તેના માટે જરૂરી માળખું ઊભું કરવું, સિવાય કે

(a) જે તે વિસ્તારમાં સ્થાનિક સમુદાયો વસતા હોય અને તેઓ જ તેનો ઉપયોગ કરતા હોય.

(b) પાણીનો અન્ય કોઈ સ્રોત ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં ભરતીની ઉચ્ચતમ સીમારેખાથી૨૦૦મીટરથી ૫૦૦ મીટરના વિસ્તારમાં તેની મંજૂરી તો જ મળે જો પીવાના પાણી, બાગાયત, કૃષિ કે માછીમારી માટે સામાન્ય કૂવા માનવબળથી ખોદવામાં આવે.

**નોંધ :** જે વિસ્તારમાં દરિયાના પાણી ફરી વળતા હોય ત્યાં સંબંધિતરાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્ર દ્વારા અધિકૃત સત્તામંડળ ભૂગર્ભ જળના ઉપયોગ પર પ્રતિબંધો લાદી શકે છે.

(xii) સીઆરઝેડ-૧માં નોટિફિકેશનના ફકરા આઠમાં ઉલ્લેખિત સિવાયના વિસ્તારમાં બાંધકામ પ્રવૃત્તિ

(xiii) દરિયા કિનારે સુંદરતા, મનોરંજન અને અન્ય હેતુ માટે રેતીના ઢગ કે ટેકરાઓની હેરફેર અને સુશોભન

(xiv) મરીન/દરિયા કાંઠાનાં પોલીસ સ્ટેશનના પેટ્રોલિંગ અને દેખરેખના કામ માટે જરૂરી સુવિધાઓ.

4. સીઆરઝેડમાં મંજૂર કરાયેલી પ્રવૃત્તિઓનું નિયમન : ફકરા-૩માં પ્રતિબંધિત સિવાયની બાકીની તમામ પ્રવૃત્તિઓનું નીચે મુજબ નિયમન થાય છે -

(i) (a) સીઆરઝેડમાં માત્ર એવી પ્રવૃત્તિઓને જ સ્વીકૃતિ આપવામાં આવે, જેને દરિયાકાંઠા અને દરિયાકિનારા પરની સુવિધાઓની આવશ્યકતા હોય.

(b) જે પ્રોજેક્ટની યાદી આ નોટિફિકેશનમાં આપવામાં આવી હોય અને જેણે ઈઆઈએ નોટિફિકેશન, ૨૦૦૬ (એસ.ઓ. ૧૫૩૩(ઈ), ૧૪ સપ્ટેમ્બર, ૨૦૦૬)ને આકર્ષ્યું હોય, સંબંધિત રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશના દરિયા કાંઠા વિસ્તાર વ્યવસ્થાપન સત્તામંડળ (સીઝેડએમએ) દ્વારા ભલામણ કરવામાં આવ્યા હોય અને ઈઆઈએ દ્વારા મંજૂરી મળી હોય એવા જ પ્રોજેક્ટ્સ.

(c) આ નોટિફિકેશનના ફકરા-૮માં દર્શાવ્યા મુજબ હાઉસિંગ સ્કીમ્સ.

(d) સીઆરઝેડ-૨માં બાંધકામના જે પ્રોજેક્ટ ૨૦,૦૦૦ ચોરસ મીટર કરતાં મોટા હોય તેણે ઈઆઈએ નોટિફિકેશન-૨૦૦૬ અનુસાર ચાલવાનું રહેશે અને જો પ્રોજેક્ટ ૨૦,૦૦૦ ચોરસ મીટર કરતાં ઓછા બાંધકામનો હોય તો એવા કિસ્સામાં સંબંધિત રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશના આયોજન સત્તામંડળોની બહાલી મેળવવાની રહેશે, જેમાં સત્તામંડળોએ નોટિફિકેશનને ધ્યાનમાં રાખીને સંબંધિત સીઝેડએમએની ભલામણો મેળવ્યા પછી નિર્ણય કરવાનો રહેશે અને સંબંધિત સીઝેડએમએ ઈઆઈએ નોટિફિકેશન-૨૦૦૬ પાસેથી પર્યાવરણીય બહાલી મેળવવાની રહેશે અથવા તો સંલગ્ન આયોજન સત્તામંડળ તરફથી મંજૂરી મેળવવાની રહેશે.

(e) વિશેષ કે સામાન્ય સંજોગોમાં એમઓઈએફ પ્રોજેક્ટથી અસરગ્રસ્ત લોકોની તાત્કાલીક જનસુનાવણી જરૂરી હોય ત્યારે વિશેષ પ્રોજેક્ટ મંજૂર કરી છે.

(f) બંદર અને બંદરગાહ, જેટ્ટી, સમુદ્રી સરોવરો, ડક્કા, જહાજમાર્ગ, જહાજવાડો અને જહાજ બાંધકામના એકમો માટેના બાંધકામ અને કાર્યવાહી તેમજ બ્રેકવોટર, ગ્રોએન્સ, ધોવાણ રોકવા માટેના પાળાનું બાંધકામ અને કાર્યવાહી

(ii) અહીં નીચે આપેલી પ્રવૃત્તિઓ માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય પાસેથી બહાલી લેવાની રહેશે-

(a) ઈઆઈએ નોટિફિકેશન-૨૦૦૬માં નોંધાયેલી ન હોય એવી પ્રવૃત્તિઓ

(b) પરમાણુ ઊર્જા કે સંરક્ષણ વિભાગ સાથે સંકળાયેલા એવા પ્રોજેક્ટ્સ, જેને વહાણમાર્ગો, જેટ્ટી, જહાજ ઘાટ જેવી દરિયાકાંઠાની સુવિધાની જરૂર હોય તેના માટેનાં બાંધકામ, જેમાં સંરક્ષણ પ્રોજેક્ટના વર્ગીકૃત ઓપરેશનલ કોમ્પોનન્ટનો સમાવેશ થતો નથી. ઈઆઈએ નોટિફિકેશન- ૨૦૦૬ની શરતો અનુસાર રહેણાકની ઇમારતો, ઓફિસની ઇમારતો, દવાખાનાના સંકુલો, વ્યૂહાત્મક અને સંરક્ષણાત્મક પ્રોજેક્ટની કાર્યશાળાનું બાંધકામ.

(c) દીવાદાંડીનું બાંધકામ અને કાર્યવાહી.

(d) પાઇપલાઇન, (માલની) હેરફેરનું માળખું, ટ્રાન્સમિશન લાઇ વગેરે નાખવાનું કામ.

(e) ઓઇલ અને કુદરતી ગેસની શોધ અને દોહન તેમજ તેની સાથે સંકળાયેલી બીજી પ્રવૃત્તિઓ.

(f) થર્મલ પાવર સ્ટેશન માટે કાચા માલની હેરફેર માટે દરિયાકાંઠા પરની સુવિધાઓ, ઠંડક માટે પાણીનો વપરાશ અને પ્રક્રિયા બાદ વધેલા નકામા પાણી કે ઠંડા પાણીનો નિકાલ. એમઓઈએફ ફકરા ક્રમાંક ચારના (એફ), (જી) અને (એચ)ના પ્રોજેક્ટોની કેટેગરી માટે વિશેષ જોગવાઈ કરી શકે છે.

(g) પરમાણુ ઊર્જા વિભાગ દ્વારા લિસ્ટેડ કરાયેલાં દુર્લભ ખનિજોનું ખનન

(h) બિનપરંપરાગત ઊર્જા સ્રોતોમાંથી ઊર્જા પેદા કરવાના માળખા, પાણીના શુદ્ધીકરણ પ્લાન્ટ્સ અને હવામાનના રડાર

(i) તોડફોટ અને  જીર્ણોદ્ધાર (અ) પુરાતત્ત્વની દૃષ્ટિએ અને ઐતિહાસિક રીતે મહત્ત્વની ઇમારતો અને વારસા રૂપ (હેરિટેજ) ઇમારતો તથા જાહેરજનતા દ્વારા વાપરવામાં આવતી ઇમારતો (બ) જાહેરજનતા દ્વારા વપરાતી ઇમારતોમાં પૂજા, શિક્ષણ, આરોગ્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે વપરાતી ઇમારતોનો સમાવેશ થાય.

4.2 માન્ય પ્રવૃત્તિઓની બહાલી માટેની પ્રક્રિયા - આ નોટિફિકેશનમાં આવરી લેવાયેલા તમામ પ્રોજેક્ટ્સને અહીં નીચે જણાવ્યા પ્રમાણેની બહાલીની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહેશે-

(i) પ્રોજેક્ટ ઓથોરિટીએ સીઆરઝેડ નોટિફિકેશન અંતર્ગત બહાલી મેળવવા માટે સંબંધિત રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશની કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટીને અહીં નીચે જણાવેલા દસ્તાવેજો સાથે અરજી કરવાની રહેશે.

(a) ફોર્મ-૧ (નોટિફિકેશનનું પરિશિષ્ટ - ૪)

(b) મરીન અને ટેરેસ્ટ્રીયલ ઘટકો સહિત ત્વરિત ઈઆઈએ રિપોર્ટ. ૪ (સી) અને (ડી)માં લિસ્ટેડ હોય તેવા બાંધકામ પ્રોજેક્ટને આમાંથી મુક્તિ મળે છે.

(c) વૈજ્ઞાનિક અભ્યાસ અને રાજ્ય તથા કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટી તંત્ર સાથે ચર્ચા-વિમર્શના આધારે એમઓઈએફ દ્વારા વર્ગીકૃત કરાયેલા ઓછા અને મધ્યમ ધોવાણ પામેલા દરિયા કાંઠા વિસ્તારમાં પ્રોજેક્ટ માટે સઘન અભ્યાસ અને સુવ્યવસ્થિત ઈઆઈએ અહેવાલ.

(d) આફત વ્યવસ્થાપન અહેવાલ અને જોખમ મૂલ્યાંકન અહેવાલ અને વ્યવસ્થાપન અહેવાલ

(e) કોઈ એક અધિકૃત એજન્સી (ફકરા-૨માં દર્શાવ્યામાંની) દ્વારા અંકિત કરાયેલી એચટીએલ અને એલટીએલને ૧:૪૦૦૦ના સ્કેલમાં સીઆરઝેડના નક્શામાં દર્શાવવી.

(f) ઉપર (e)માં ઉલ્લેખિત નક્શા પર પ્રોજેક્ટ લે-આઉટ દર્શાવવો.

(g) સીઆરઝેડ નક્શો પ્રોજેક્ટ સાઇટની આજુબાજુના સાત કિલોમીટર સુધીનો વિસ્તારનો સમાવેશ કરવામાં આવશે.

(h) સીઆરઝેડ નક્શામાં સીઆરઝેડ-૧,૨,૩ અને ૪ના વિસ્તારો દર્શાવવાના રહેશે.

(i) જે પ્રોજેક્ટમાં ગંદું પાણી, ઘન કચરો, માનવ કચરો વગેરેનો નિકાલ કરવાનો થતો હોય તેણે સંબંધિત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે સમિતિનું નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ લાવવાનું રહેશે.

(ii) સંબંધિત સીઝેડએમએએ મંજૂર થયેલ સીઝેડએમપી અને સીઆરઝેડ નોટિફિકેશનને ધ્યાનમાં રાખીને ઉપરોક્ત તમામ દસ્તાવેજોની ચકાસણી કરવાની રહેશે અને ઉપરોક્ત દસ્તાવેજો સહિતની અરજી મળ્યાના ૬૦ દિવસની અંદર અહીં આપેલ ઉચ્ચ સત્તાતંત્રને ભલામણ મોકલવાની રહેશે.

(a) ઈઆઈએ નોટિફિકેશન, ૨૦૦૬ને લગતા પ્રોજેક્ટના કિસ્સામાં એમઓઈએફ અથવા સ્ટેટ એન્વાયર્નમેન્ટ ઇમેક્સ એસેસમેન્ટ ઓથોરિટી (જેનો હવેથી એસઈઆઈએએ તરીકે ઉલ્લેખ કરીશું.)

(b) જે પ્રોજેક્ટ ઈઆઈએ નોટિફિકેશન-૨૦૦૬ અંતર્ગત આવતો નથી અને સીઆરઝેડ નોટિફિકેશનના ફકરા- ૪(ii)ને લગતો હોય તેવા પ્રોજેકટ માટે એમઓઈએફ

(iii) એમઓઈએફ કે એસઈઆઈએએ દ્વારા સંબંધિત સીઝેડએમએની ભલામણોને ધ્યાનમાં રાખીને સાઇઠ દિવસોના ગાળામાં આવા પ્રોજેક્ટ્સને બહાલી આપવાની રહેશે.

(iv) સીઆરઝેડ નોટિફિકેશન અંતર્ગત જે પ્રોજેક્ટને બહાલી મળી હોય તે બહાલી મળ્યાથી પાંચ વર્ષ સુધી વેલીડ રહે છે. આટલા સમયમાં જ પ્રોજેક્ટનું અમલીકરણ કે બાંધકામ સહિતની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

(v) બહાલી પછીનું નિરીક્ષણ :

(a) દરેક પ્રોજેક્ટ મેનેજમેન્ટ માટે ફરજિયાતપણે પર્યાવરણીય બહાલી નિયમો અને શરતોને લગતો અર્ધવાર્ષિક અહેવાલની સોફ્ટ અને હાર્ડ કોપી દર વર્ષે પહેલી જૂન અને પહેલી ડિસેમ્બરના દિવસે પહોંચતી કરવાની રહેશે. પ્રોજેક્ટ મેનેજમેન્ટ દ્વારા જે કંઈ સહાયક અહેવાલો સબમિટ કરવામાં આવશે, તે જાહેર દસ્તાવેજ બની રહેશે, જેનું જાહેર પ્રકાશન કરવાનું રહેશે. સંબંધિત સીઝેડએમએ પાસે તેની નકલ માગવાની અરજી કોઈ પણ વ્યક્તિ દ્વારા કરવામાં આવશે તો તેને નકલ પૂરી પાડવામાં આવશે.

(b) આ અહેવાલોને સંબંધિત સત્તામંડળની વેબસાઇટ પર દર્શાવવાના રહેશે.

(vi) સીઝેડએમએની તમામ કામગીરીમાં પારદર્શકતા જાળવવા માટે સીઝેડએમએની જવાબદારી રહેશે કે તે પોતાની વેબસાઇટ બનાવે અને તેના પર એજન્ડા, મીનીટ્સ, લેવાયેલા નિર્ણયો, બહાલીપત્રો, ઉલ્લંઘનો, લેવાયેલાં પગલાં, માનનીય હોર્ડના ચુકાદાઓ સહિતની કોર્ટની બાબતો તેમજ સંબંધિત રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના સત્તાતંત્ર દ્વારા મંજૂર કરવામાં આવેલા સીઝેડએમપી સહિતની વિગતો તેમાં અપડેટ કરતા રહેવાની છે.

5. કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન્સ (સીઝેડએમપી)

(i) સંબંધિત રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના સત્તાતંત્ર તરફથી એમઓઈએફ સીઝેડએમપી મેળવે છે.

(ii) સીઝેડએમપી સંબંધિત દરિયાકાંઠો ધરાવતી રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશના સત્તાતંત્ર દ્વારા તૈયાર કરવામાં આવે છે, જે દેશની કોઈ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંસ્થા(ઓ) કે એમઓઈએફના નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ (જેનો હવેથી એનસીએસસીએમ તરીકે ઉલ્લેખ કરીશું) સહિતની એજન્સીઓની મદદથી તેમજ સંબંધિત હિતધારકો સાથે ચર્ચા-વિચારણા બાદ તૈયાર કરાશે.

(iii) સર્વે ઓફ ઇન્ડિયા થકી એમઓઈએફ દ્વારા દેશભરના દરિયા કાંઠા પર જોખમી રેખા અંકિત કરવાની રહેશે અને જોખમી રેખામાં ભરતી, મોજાં, દરિયાની વધતી સપાટી અને દરિયાની બદલાતી જળરેખાને ધ્યાનમાં લેવામાં આવે.

(iv) આવનારા પચાસ અને સો વર્ષને ધ્યાનમાં રાખીને ભરતી, મોજાં અને વધતી દરિયાની સપાટીના આધારે પાણી ક્યાં સુધી પહોંચશે તેનું રેખાંકન કરવાનું રહેશે અને એચટીએલથી જમીન તરફ સાત કિલોમીટર સુધીના ગાળામાં દરિયાકાંઠાની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. જૂની સેટેલાઇટ ઇમેજિસના આધારે ઐતિહાસિક વિગતોની સાથે સાથે તાજેતરના સેટેલાઇટ ફોટાઓના આધારે દરિયાની જળરેખામાં આવતા ફેરફાર નોંધવામાં આવશે.

(v) જમીન વપરાશના આયોજનમાં જોખમી રેખાનું નક્શીકરણ કરવા માટે ૧:૨૫,૦૦૦ના સ્કેલનો ઉપયોગ કરવામાં આવે અને સ્થાનિક સ્તરે માપણી માટે ૧:૧૦,૦૦૦નો સ્કેલ કે કેડેસ્ટ્રલ સ્કેલનો પણ ઉપયોગ કરી શકાય. દરિયાકાંઠા વિસ્તારની જમીનનો ઉપયોગ કરવાનું આયોજન નક્કી થાય ત્યારે જોખમી રેખાને ધ્યાનમાં લેવાની રહેશે.

(vi) નોટિફિકેશન જારી કર્યાના ૨૪ મહિનાના ગાળામાં દરિયાકાંઠો ધરાવતાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ નોટિફિકેશનના પરિશિષ્ટ-૧માં આપેલા માર્ગદર્શન અને લોકો સાથે થયેલી ચર્ચા-વિચારણા પ્રમાણે ૧:૨૫,૦૦૦ સ્કેલમાં સીઝેડએમપી નક્શો તૈયાર કરવાનો રહે, જેમાં જે તે ક્ષેત્રના સીઆરઝેડને વર્ગીકૃત કરેલા હોય.

(vii) રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશોના સત્તાતંત્રી દ્વારા સંબંધિત સીઝેડએમએને મંજૂરી માટે સુપરત કરાયેલા સીઝેડએમપીના મુસદ્દાને પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬માં ઠરાવેલી પ્રક્રિયા અનુસાર વ્યાપક સ્તરે પ્રસિદ્ધ કરવો અને તેના પર હિતધારકો તરફથી ટીકા-ટિપ્પણ મગાવવા.

(viii) રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશોની સીઝેડએમએ દ્વારા એમઓઈએફને સીઝેડએમપી સુપરત કરવાની રહેશે અને છ મહિનાના ગાળામાં સીઝેડએમપી અંગેની ભલામણો તેમજ સંબંધિત હિતધારકો તરફથી પ્રાપ્ત થયેલા સૂચનો અને વાંધાઓ મોકલી આપવાના રહેશે.

(ix) સીઝેડએમપીનો આખરી મુસદ્દો મળ્યાના ચાર મહિનાની અંદર એમઓઈએફે સીઝેડએમપીને ધ્યાનમાં લઈને બહાલી આપવાની રહેશે.

(x) રાજ્ય સરકાર, કેન્દ્રશાસિત પ્રદેશનું વહીવટીતંત્ર, સ્થાનિક સત્તામંડળ કે સંબંધિત સીઝેડએમ સત્તામંડળે મંજૂર થયેલાં આયોજનો અંતર્ગત તમામ વિકાસ અને પ્રવૃત્તિઓનું નોટિફિકેશનમાં જણાવ્યા પ્રમાણે નિયમન કરવાનું રહેશે, એવી નોટિફિકેશનમાં જોગવાઈ કરવામાં આવી છે.

(xi) પાંચ વર્ષના સમય પહેલાં સીઝેડએમપીને સામાન્ય રીતે રિવાઇઝ કરવામાં આવતા નથી, જ્યાં સુધી સંબંધિત રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ ઉપર જણાવ્યા મુજબની પ્રક્રિયા થકી નક્શાઓને નવેસરથી તૈયાર ન કરી લે.

(xii) સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અંતર્ગત મંજૂર થયેલા સીઝેડએમ આયોજનો ૨૪ મહિનાના ગાળા સુધી કાયદેસર ગણાશે. જો એમઓઈએફ દ્વારા કોઈ ખાસ નોટિફિકેશન થકી વિશેષ નિયમો-શરતોની જોગવાઈ કરી હોય તો એ મુજબનો સમયગાળો રહેશે.

6. સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૧૧નું અમલીકરણ :

(a) આ નોટિફિકેશનની કાર્યવાહી અને અમલીકરણની જવાબદારી એમઓઈએફ, રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશના સત્તાતંત્રના એનસીઝેડએમએ અને એસસીઝેડએમએ જેવાં સત્તામંડળોના શિરે રહેશે અને તેઓ પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ અંતર્ગત મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને પોતાની જવાબદારીનું વહન કરશે.

(b) એનસીઝેડએમ તથા રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશની સીઝેડએમએની રચના, કાર્યકાળ અને સત્તાઓનું નિર્ધારણ માનનીય સુપ્રીમ કોર્ટે વર્ષ ૧૯૯૩ની અરજી ક્રમાંક ૬૬૪ સંદર્ભે આપેલા આદેશ અનુસાર થઈ ગયું છે.

(c) આ નોટિફિકેશનના અમલીકરણ અને નિરીક્ષણની અને આ કાર્યને આગળ ધપાવવામાં સહાયક બનવાની મુખ્ય જવાબદારી રાજ્ય સરકાર કે કેન્દ્રશાસિત પ્રદેશોના સીઝેડએમ સત્તામંડળોની રહેશે. રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશના સત્તાતંત્રે જિલ્લા સ્તરે એક સમિતિની રચના કરવાની રહેશે, જેમાં જેમાં જિલ્લા મેજિસ્ટ્રેટ અધ્યક્ષ રહેશે અને માછીમાર સમુદાય સહિત દરિયાકાંઠે વસતા સમુદાયોના ઓછામાં ઓછા ત્રણ સભ્યો આ સમિતિમાં હોવા જોઈએ.

(d) માછીમાર, આદિવાસી સહિતની દરિયાકાંઠે પરંપરાગત રીતે રહેતા સ્થાનિક સમુદાયના રહેણાંકના એકમોને સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અંતર્ગત મંજૂરી આપવામાં આવી હોય, પરંતુ ઉક્ત નોટિફિકેશનમાં સંબંધિત સીઝેડએમ સત્તામંડળ દ્વારા અધિકૃત સત્તાતંત્ર પાસેથી તેની મંજૂરી મેળવવામાં આવી ન હોય તો રહેણાંકના એકમોને અહીં જણાવેલી શરતોના આધારે કાયદેસરતા બક્ષી શકાય,

(i) અહીં કોઈ પણ પ્રકારની કોમર્શિયલ પ્રવૃત્તિઓ કરવામાં આવતી નથી.

(ii) આ એકમો પરંપરાગત રીતે દરિયાકાંઠે વસતા ન હોય એવા લોકોને વેચવામાં કે ફેરબદલ કરવામાં આવી ન હોય.

7. સીઆરઝેડનું વર્ગીકરણ - દરિયાકાંઠાના વિસ્તારો અને દરિયાઈ પાણીના સંભાળ અને સંરક્ષણના હેતુ માટે સીઆરઝેડ વિસ્તારોને અહીં જણાવ્યા અનુસાર વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

(i) સીઆરઝેડ-૧, -

A. એવા વિસ્તારો જે જૈવિક દૃષ્ટિએ સંવેદશીલ હોય અને ભૌગોલિક રચનાની દૃષ્ટિએ દરિયાકાંઠાની અખંડતા જાળવી રાખવામાં ભૂમિકા ભજવતા હોય.

(a) ચેરીયા (મેન્ગ્રોવ્સ), ૧૦૦૦ ચોરસ મીટર કરતાં વધારે મેન્ગ્રોવ્સના વિસ્તારમાં બફર વિસ્તાર તરીકે વધારે ૫૦ મીટર અપાશે.

(b) પરવાળા અને પરવાળાના પથ્થરો તેમજ સંબંધિત જૈવિક વિવિધતા

(c) રેતીના ઢગ

(d) જૈવિક રીતે સક્રિય ભીની માટી-કાદવ

(e) રાષ્ટ્રીય ઉદ્યાન, મરીન પાર્ક્સ, અભયારણ્યો, રક્ષિત વનો, વન્યજીવોના નિવાસસ્થાનો અને વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ (૧૯૭૨નો ૫૩મો), વન (સંભાળ) અધિનિયમ, ૧૯૮૦ (૧૯૮૦નો ૬૯મો) કે પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ (૧૯૮૬નો ૨૯મો) તેમજ બાયોસ્ફીઅર રિઝર્વ્સ સહિતની જોગવાઈઓ અંતર્ગતના અન્ય વિસ્તારો.

(f) મીઠાના અગરો

(g) કાચબાના માળાવાળા વિસ્તારો

(h) હોર્સ શૂ ક્રેબ્સ (કરચલા)ના નિવાસસ્થાનો

(i) દરિયાઈ ઘાસના વિસ્તારો

(j) પક્ષીઓ માળા બનાવતા હોય એ વિસ્તારો

(k) પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવતા વિસ્તારો અને ઇમારતો કે હેરિટેજ સાઇટ્સ

B. ભરતીની ઉચ્ચતમ જળસપાટી (હાઇ ટાઇડ લાઇન) અને ઓટની આખરી લાઇન (લો ટાઇડ લાઇન) વચ્ચેનો વિસ્તાર

(ii) સીઆરઝેડ-૨, -
એવો વિસ્તાર જે દરિયાની જળરેખા સુધી કે તેની નજીક સુધી વિકસિત કરાયો હોય.

સ્પષ્ટતાઃ અહીં વિકસિત વિસ્તાર એટલે એવો વિસ્તાર જે મ્યુનિસિપાલિટી કે અન્ય અધિકૃત શહેરી વિસ્તારની હદમાં આવતો હોય અને તેમાં કાયમી ધોરણે બાંધકામ થઈ ચૂક્યું હોય તથા ત્યાં પાણી તથા ગટરની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવેલી જ હોય.

(iii) સીઆરઝેડ-૩, -
એવો વિસ્તાર જ્યાં પ્રમાણમાં માનવીય દખલ ઓછી હોય અને જે વર્ગ-૧ કે વર્ગ-૨માં સમાવેશ ન પામતો હોય, આવા વિસ્તારમાં ગ્રામીણ વિસ્તાર (વિકસિત અને અવિકસિત)માં અને મ્યુનિસિપાલિટીની કે અન્ય અધિકૃત શહેરી વિસ્તારની હદમાં પણ આવેલો દરિયાકાંઠો, જેના પર કાયમી ધોરણે બાંધકામ થયેલું ન હોય.

(iv) સીઆરઝેડ-૪, -

A. ઓટ વખતની દરિયાની જળરેખા (એલટીએલ)થી દરિયા તરફના ૧૨ નોટિકલ માઇલ

B. ભરતીથી પ્રભાવિત જળાશયોની આજુબાજુનો જળવિસ્તાર, જે સમુદ્ર તરફ સ્થિત જળાશયના મુખથી ભરતીગ્રસ્ત વિસ્તારની વચ્ચે આવે છે. આ અંતરનું નિર્ધારણ વર્ષના સૌથી સુકા ગાળામાં ખારાશની માત્રાને પાંચ પાર્ટ્સ પર થાઉજન્ડ (પીપીટી)ના આધારે માપીને કરવાનું રહેશે.

(v) સીઆરઝેડ-૫, -
દરિયાઈ પર્યાવરણની ગંભીર સ્થિતિ અને સ્થાનિક સમુદાયોને ભોગવવી પડતી મુશ્કેલીઓ સામે રક્ષણ આપવાના હેતુથી વિશેષ કાળજીની જરૂર હોય એવા વિસ્તારોનો અહીં સમાવેશ થાય છે.

A.(i) બૃહદ મુંબઈની મ્યુનિસિપલ હદમાં આવતો સીઆરઝેડ વિસ્તાર

(ii)કેરળનો સીઆરઝેડ વિસ્તાર, જેમાં બેકવોટર અને બેકવોટર ટાપુઓનો સમાવેશ થાય છે.
(iii) ગોવાના સીઆરઝેડ વિસ્તારો

B. પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ અંતર્ગત ઉલ્લેખિત અત્યંત ભયજનક સ્થિતિમાં હોય એવા દરિયાકાંઠા વિસ્તારો (ક્રિટિકલી વલ્નરેબલ કોસ્ટલ એરિયા-સીવીસીએ), જેવા કે પશ્ચિમ બંગાળનું સુંદરવન અને અન્ય પર્યાવરણીય દૃષ્ટિએ અતિસંવેદનશીલ વિસ્તારો અને માછીમાર સહિતના દરિયાકાંઠાના સમુદાયોની સામેલગીરી સાથેનું વ્યવસ્થાપન.

8. આ નોટિફિકેશન અંતર્ગત સ્વીકૃતિ પામેલી પ્રવૃત્તિઓના નિયમનના માપદંડો, -

(i). સીઆરઝેડના જુદા જુદા પ્રકારના વિસ્તારોમાં વિકાસ અને બાંધકામની પ્રવૃત્તિઓનું નિયમન સંબંધિત સીઝેડએમ સત્તામંડળોઅહીં જણાવ્યા પ્રમાણેના માપદંડોને ધ્યાનમાં રાખીને કરશે.

નોંધ : અહીં હયાત વિવિધ ગુણધર્મો (ફિચર્સ) કે હયાત નિયમનો કે નિયમોમાં જે હયાત શબ્દનો ઉપયોગ થશે, તેનો અર્થ એવો કરવો કે ૧૯.૨.૯૧ના રોજ સીઆરઝેડ નોટિફિકેશન જારી કરાયું હતું ત્યારે હયાત હોય એવા.

૧. સીઆરઝેડ-૧,-
(i). સીઆરઝેડ-૧માં નવા કોઈ બાંધકામને મંજૂર નહિ મળે, સિવાય -
(a). પરમાણુ ઊર્જા વિભાગને લગતા પ્રોજેક્ટ્સ
(b). પાઇપલાઇન, ટ્રાન્સમિશન લાઇન્સ સહિત માલ હેરફેરના માળખાં
(c). સીઆરઝેડ-૧માં મંજૂરીપ્રાપ્ત પ્રવૃત્તિઓ માટે જરૂરી સુવિધાઓ
(d). ઇન્ડિયન મીટિરિયોલોજીકલ વિભાગને આગાહી કરવા માટે તથા વાવાઝોડાંનું નિરીક્ષણ કરવા માટેના હવામાનમાપક વિશેષ રડારની સ્થાપના
(e). એલટીએલ અને એચટીએલ વચ્ચે ભરતીના પાણીને અવરોધક ન બને એ રીતે પીલર કે સ્ટીલ્ટ પર બંદર પરના પરિવહન માટેના સીલિંક અને રસ્તાઓ
(f). નવી મુંબઈમાં બહાલી મળી ગઈ છે તેવા ગ્રીન ફીલ્ડ એરપોર્ટનો વિકાસ

(ii). એલટીએલ અને એચટીએલ વચ્ચેનો વિસ્તાર, જે જૈવિક દૃષ્ટિએ સંવેદનશીલ અને મહત્ત્વપૂર્ણ નથી, તેમાં અહીં જણાવેલી બાબતો સંદર્ભે મંજૂરી મળી શકે છે,
(a). કુદરતી ગેસની શોધ અને ઉત્ખનન
(b). પરંપરાગત રીતે દરિયાકાંઠે રહેનારા લોકો માટે સંબંધિત સીઝેડએમએ તરફથી બહાલી મેળવીને દવાખાના, શાળાઓ, જાહેર વર્ષાઘર, જાહેર શૌચાલય, પુલ, રસ્તાઓ, જેટ્ટી, પાણીનો પુરવઠો, ગટરલાઈન વગેરે જરૂરી બાંધકામ કરી શકાય.
(c). જોખમગ્રસ્ત વિસ્તારોમાં જે પ્રોજેક્ટનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોય, તેમાં સુરક્ષાનાં પૂરતાં પગલાં લેવાની ખાતરી હોવી જરૂરી છે.
(d). સૂર્યના તાપથી દરિયાના પાણીને સૂકવીને મીઠું પકવવું.
(e). ખારાશ દૂર કરવા (ડીસેલિનેશન)ના પ્લાન્ટ્સ
(f). મંજૂર કરાયેલા બંદર પર ખાદ્ય તેલ, ખાતર અને અનાજ જેવા જોખમી ન હોય તેવા પદાર્થોનો કાર્ગો.
(g). ભરતીના પાણીને અવરોધક ન બને એ રીતે પીલર કે સ્ટીલ્ટ પર બંદર પરના પરિવહન માટેના સીલિંક અને રસ્તાઓ

૨. સીઆરઝેડ-૨,-

(i). હયાત રસ્તાઓથી કે હયાત અધિકૃત માળખાં-ઇમારતોથી જમીન તરફના વિસ્તારમાં ઈમારત બાંધવાની મંજૂરી મળી શકે.
(ii) હયાત અથવા પ્રસ્તાવિત રસ્તા કે માળખાથી જમીન તરફના વિસ્તારમાં મકાન બાંધવાની મંજૂરી માટે સંબંધિત સ્થાનિક શહેર અને રાષ્ટ્ર આયોજનના નિયમો, જેમાં હયાત (હયાત મતલબ ૧૯-૨-૧૯૯૧થી અસ્તિત્વ ધરાવતું) ફ્લોર સ્પેશ ઇન્ડેક્સ કે ફ્લોર એરિયા રેશિયોના માપદંડોનો પણ સમાવેશ થાય છે. અહીં એ જોગવાઈ છે કે સમુદ્ર તરફ પહેલેથી બાંધવામાં આવેલા રસ્તાની તરફથી જમીન પર કોઈ પણ પ્રકારના બાંધકામની મંજૂરી ન મળવી જોઈએ.
(iii) સરકારી માળખાઓના પુનર્નિર્માણની પ્રક્રિયાની અનુમતિ, પૂર્વનિર્ધારિત ફ્લોર સ્પેશ ઇન્ડેક્સ કે ફ્લોર એરિયા રેશિયો નિયમાનુસાર જ સદર ઇમારતના ઉપયોગમાં કોઈ બદલાવ કર્યો ન હોય તો જ મંજૂરી મળશે.
(iv) સદર નોટિફિકેશનના પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા પ્રમાણે પેટ્રોલિયમ પેદાસ અને લિક્વીફાઇડ ગેસને મેળવવા અને સંગ્રહ કરવાની સુવિધા અને લિક્વીફાઇડ ગેસને ફરીથી વાયુસ્વરૂપ ગેસમાં રૂપાંતરિત કરવા માટેની સુવિધાઓની બાબતે ત્રીજા ફકરાના બીજા નંબરના પેટા ફકરામાં દર્શાવ્યા પ્રમાણેની શરતોનું પાલન કરવાનું રહેશે.
(v) ડીસેલિનેશન પ્લાન્ટ્સ અને સંબંધિત સુવિધાઓ
(vi) ખાદ્ય તેલ, ખાતર અને અનાજ જેવા બિન-જોખમી પદાર્થોનો સ્વીકૃત બંદરોમાં સંગ્રહ.
(vii) બિનપરંપરાગત ઊર્જા સ્રોત થકી ઊર્જા પેદા કરવાની સુવિધાઓ તથા તેને સંબંધિત અન્ય સવલતો.

૩. સીઆરઝેડ-૩, -

A. દરિયાકાંઠાના કિસ્સામાં એચટીએલથી જમીન તરફનો ૨૦૦ મીટર સુધીનો વિસ્તાર અને ભરતી પ્રભાવિત જળાશયને અડીને ૧૦૦ મીટર કે ક્રીકની પહોળાઈ જે ઓછું હોય તેને નો ડેવલપમેન્ટ ઝોન તરીકે અંકિત કરવામાં આવે છે. -

(i). કોઈ અધિકૃત બંદરની હદ અંતર્ગત આવતા વિસ્તારમાં નો ડેવલપમેન્ટ ઝોન લાગુ પડતો નથી.
(ii) એનડીઝેડ વિસ્તારમાં કોઈ પણ પ્રકારના બાંધકામને મંજૂરી નહીં મળે સિવાય કે તે હયાત મંજૂરી પામેલા માળખાના સમારકામ કે ફેરબાંધકામનું હોય, જે વર્તમાન ફ્લોર સ્પેશ ઇન્ડેક્ષ, પ્લીન્થ વિસ્તાર અને ઊંડાણથી વધુ ન હોય અને તેનો ઉપયોગ નોટિફિકેશનમાં જણાવ્યા અનુસાર જરૂરી પ્રવૃત્તિ માટે આવશ્યક સુવિધાઓમાં થતો હોય. દરિયાકાંઠે એચટીએલથી ૧૦૦ અને ૨૦૦ મીટર વચ્ચે માછીમારો સહિતની સ્થાનિક વસતીને પોતાના રહેઠાણના એકમો બાંધવા કે ફરીવાર બાંધવાની મંજૂરી આપવામાં આવે છે. રાજ્ય સરકારે અને કેન્દ્રશાસિત પ્રદેશના સત્તાતંત્રે માછીમાર સહિતના સ્થાનિક સમુદાય સાથે ચર્ચા-વિચારણા કરીને તૈયાર કરેલા સુવ્યવસ્થિત આયોજનના આધારે જ તેની મંજૂરી મળતી હોય છે, આ આયોજનોમાં આફત વ્યવસ્થાપનની જોગવાઈઓ, સ્વચ્છતા અને સંબંધિત રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશના સત્તાતંત્ર તરફથી કરવામાં આવેલી ભલામણોને પણ સમાવવામાં આવે છે. આ આયોજનો સંબંધિત સીઝેડએમએ એનસીઝેડએમએને એમઓઈએફની મંજૂરી માટે મોકલે છે.

(iii) જોકે, નો ડેવલપમેન્ટ ઝોનમાં અહીં જણાવેલી પ્રવૃત્તિઓને મંજૂરી મળી શકે છે-

(a)કૃષિ, બાગાયત, બગીચા, ગૌચર, પાર્ક્સ, રમવાના મેદાનો, વનોને સંબંધિત પ્રવૃત્તિઓ
(b) પરમાણુ ઊર્જા વિભાગને લગતા પ્રોજેક્ટ્સ
(c) દુર્લભ ખનિજોનું ખનન

(d) દરિયાના પાણીમાંથી મીઠું પકવવું.

(e) પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા પ્રમાણે પેટ્રોલિયમ પેદાશો અને લિક્વીફાઇડ કુદરતી ગેસને મેળવવા અને સંગ્રહ કરવાની સુવિધાઓ

(f) ત્રીજા ક્રમના ફકરાના બીજા પેટા ફકરામાં દર્શાવેલી શરતો પ્રમાણે લિક્વીફાઇડ કુદરતી ગેસને રિગેસિફાઈ કરવાની સવલતો.

(g) બિનપરંપરાગત ઊર્જા સ્રોત થકી ઊર્જા પેદા કરવાની સુવિધાઓ તથા તેને સંબંધિત અન્ય સવલતો.

(h) ડીસેલિનેશનલ પ્લાન્ટ્સ અને સંબંધિત સુવિધાઓની સ્થાપના

(i) હવામાનની આગાહી કરતા રડાર

(j) સ્થાનિક સમુદાયોની જરૂરિયાતો માટે દવાખાના, શાળા, જાહેર વર્ષાઘર, જાહેર શૌચાલયો, પુલો, રસ્તાઓ, પાણી પુરવઠાની સગવડતા, ગટર લાઇન, સ્મશાન અને વીજળીનું સબ-સ્ટેશનના બાંધકામની મંજૂરી એક એક કિસ્સાના આધારે કેન્દ્ર સરકાર કે સીઝેડએમએ દ્વારા આપવામાં આવશે.

(k) પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કે સમિતિ પાસેથી આગોતરી મંજૂરી મેળવીને ઘરના ગંદા પાણી પર પ્રક્રિયા કરીને નિકાલ કરતા એકમોની સ્થાપના

(l) સ્થાનિક માછીમાર સમુદાયો માટે માછળી સૂકવવા માટે યાર્ડ, હરાજી માટે હોલ, જાળના સમારકામનો યાર્ડ, પરંપરાગત હોડી બનાવવાના યાર્ડ, બરફની ફેક્ટરી, બરફને ભાંગતા એકમો, માછલી-સુધાર સુવિધાઓ વગેરે.

(m) નવી મુંબઈ ખાતે એકમાત્ર મંજૂરીપ્રાપ્ત ગ્રીન ફીલ્ડ એરપોર્ટનો વિકાસ

B. ૨૦૦ મીટરથી ૫૦૦ મીટર વચ્ચેનો વિસ્તાર, -

આ વિસ્તારમાં અહીં જણાવેલી પ્રવૃત્તિઓને સ્વીકૃતિ મળી શકે છેઃ

(i). સીઆરઝેડ-૩ના ૨૦૦થી ૫૦૦ મીટર વચ્ચેના ડેઝિગ્નેટેડ વિસ્તારના ખાલી પ્લોટમાં યાત્રીઓ કે પર્યટકોના હંગામી નિવાસ માટે હોટલ કે બીચ રિસોર્ટનું બાંધકામ કરી શકાય, હા તે પરિશિષ્ટ-૩માં દર્શાવેલી માર્ગરેખાના પાલનની શરતોને રહેશે.

(ii) પરિશિષ્ટ-૨માં દર્શાવ્યા પ્રમાણે પેટ્રોલિયમ પેદાશો અને લિક્વીફાઇડ કુદરતી ગેસને મેળવવા અને સંગ્રહ કરવાની સુવિધાઓ

(iii) ત્રીજા ક્રમના ફકરાના બીજા પેટા ફકરામાં દર્શાવેલી શરતો પ્રમાણે લિક્વીફાઇડ કુદરતી ગેસને રિગેસિફાઈ કરવાની સવલતો.

(iv) ખાદ્ય તેલ, ખાતર, અનાજ જેવી બિનજોખમી વસ્તુઓનો અધિકૃત બંદરોમાં સંગ્રહ

(v) ડીસેલિનેશનલ પ્લાન્ટ્સ અને સંબંધિત સુવિધાઓની દરિયાકાંઠે સ્થાપના

(vi) બિનપરંપરાગત ઊર્જા સ્રોત થકી ઊર્જા પેદા કરવાની સુવિધાઓ તથા તેને સંબંધિત અન્ય સવલતો

(vii) હાલના માછીમાર ગામો અને ગોઠાના પારંપરિક હકોના આધારે ગામની હદ સુધીમાં મકાનોના બાંધકામ અને ફેરબાંધકામને મંજૂરી મળી શકે છે. આ પ્રકારના બાંધકામ અને ફેરબાંધકામની મંજૂરી ત્યારે જ મળી શકશે જ્યારે સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરના નગર નિયોજનના નિયમોનું પાલન કરવામાં આવતું હોય, જેમકે બાંધકામની કુલ ઊંચાઈ નવ મીટરથી વધુ ન હોવી જોઈએ અને બાંધકામ બે માળથી (ગ્રાઉન્ડ ફ્લોર વત્તા એક માળ) વધારે ન હોવું જોઈએ.

(viii) રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશના વહીવટીતંત્ર દ્વારા નિયુક્ત સત્તામંડળ જાહેર વર્ષાઘર, જાહેર શૌચાલય, પાણીપુરવઠાની લાઇન, ગટર લાઇન,રસ્તાઓ અને પુલોના બાંધકામ માટે મંજૂરી આપી શકે છે અને ઉક્ત સત્તામંડળ સીઆરઝેડમાં જે પંચાયતોનો મોટો વિસ્તાર સમાવેશ પામતો હોય તેના સ્થાનિક રહેવાસીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને દવાખાના અને શાળાઓના બાંધકામને મંજૂરી આપી શકે, હા, આવી સુવિધા માટે અન્ય વિસ્તાર ઉપલબ્ધ ન હોય તો જ મંજૂરી આપી શકશે.

(ix) સાત, આઠ નંબરના પેટા ફકરાને ધ્યાનમાં રાખીને હયાત અધિકૃત ઇમારતનું પુનર્બાંધકામ કે તેમાં ફેરફાર કરી શકાય.
(x) નવી મુંબઈ ખાતે સ્વીકૃતિપ્રાપ્ત ગ્રીન ફીલ્ડ એરપોર્ટનો વિકાસ

૪. સીઆરઝેડ-૪ના વિસ્તારો, -
સ્થાનિક સમુદાય દ્વારા થતી પરંપરાગત માછીમારી અને તેને સંબંધિત પ્રવૃત્તિઓ સિવાયની દરિયા અને ભરતીપ્રભાવિત જળાશયોને નુકસાનકારક પ્રવૃત્તિઓનું નિયમન કરાશે, જેવીકે,

(a) તમામ પ્રવૃત્તિઓમાંથી પેદા થતી શુદ્ધીકરણ થયા વિનાની માનવ ગંદકી, ઔદ્યોગિક કચરો, વધારાનું પાણી, વહાણની સફાઈ, રાખ કે ઘન કચરાને વહેવડાવવો કે ઢગલા કરવા નહીં. નોટિફિકેશન જારી થયાના એક વર્ષની અંદર શહેરમાંથી નીકળતા કચરાના શુદ્ધીકરણનો વ્યવસ્થિત પ્લાન્ટ તૈયાર કરવાનો રહેશે અને તેમાં માછીમારો, સ્થાનિક સમુદાયના પ્રતિનિધિઓ સહિતના તમામ હિતધારકોને સામેલ કરવાના રહેશે અને આ આયોજનનું વહેલીતકે અમલીકરણ કરાવવાનું રહેશે.

(b) ઓઇલ અને ગેસનું ઉત્ખનન અને ઉત્પાદન, ખનન, બોટ હાઉસ, વહાણવટો વગેરેથી થતું પ્રદૂષણ

(c) સ્થાનિક સમુદાયો દ્વારા થતી માછીમારી કે અન્ય પ્રવૃત્તિને અટકાવી શકાશે નહીં.

૫. વિશેષ ધ્યાન માગી લેતા વિસ્તારો, -

૧. બૃહદ મુંબઈની મ્યુનિસિપાલિટીની હદમાં આવતું સીઆરઝેડ.

(i). મેન્ગ્રોવ્સને થઈ રહેલા નુકસાન સંબંધી, ખાડી અને દરિયાના પાણીનું પ્રદૂષણ, શુદ્ધીકરણ ન કરાયેલું ગંદું પાણી અને ઘનકચરાના નિકાલને કારણે થઈ રહેલા પર્યાવરણના પ્રશ્નોને કારણે બૃહદ મુંબઈના સીઆરઝેડ વિસ્તારમાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે અને ગરીબ તબકાના લોકોને સારી રહેઠાણ સુવિધા પૂરી પાડવાના હેતુથી બૃહદ મુંબઈના વિસ્તારોનું નિયમન અહીં જણાવ્યા અનુસાર થાય છે, જેમકે,

A. રસ્તાઓનું બાંધકામ - નોટિફિકેશનના સાતમા ફકરાના એક નંબરના પેટા ફકરામાં દર્શાવ્યા પ્રમાણે સીઆરઝેડ-૧માં અહીં આપેલી પ્રવૃત્તિઓ જ કરી શકાશેઃ -

(a) બૃહદ મુંબઈના વિકાસ આયોજનમાં મંજૂર થયેલા રસ્તાઓ, એપ્રોચ રોડ અને લિંક રોડનું બાંધકામ ભરતીના પાણીને અવરોધક ન બને એ રીતે બાંધવા, આવા બંધાયેલા રસ્તાઓ કે એપ્રોચ રોડની જમીન તરફના વિસ્તારમાં સીઆરઝેડ-૨ના કોઈ ફાયદા મળતા નથી, જે અહીં જણાવેલી શરતોને આધિન રહેશે.

(i) મેન્ગ્રોવ્સના તમામ વિસ્તારોની માપણી હાથ ધરાશે અને તેને રક્ષિત વન જાહેર કરાશે તેમજ આ મેન્ગ્રોવ્ઝના વિસ્તારોને આવશ્યક સંરક્ષણ અને સંભાળ લેવાનો પ્રારંભ કરાશે.

(ii) બાંધકામ પ્રક્રિયા દરમિયાન જેટલા પણ મેન્ગ્રોવ્ઝ કાપવા પડ્યા હોય તેના કરતાં પાંચ ગણા મેન્ગ્રોવ્સને ફરી ઉગાડવાના રહેશે.

B. સીઆરઝેડની બહારના વિસ્તારમાં ઘન કચરાનો નિકાલ થઈ શકે એવી સાઇટ શોધી કાઢવાની રહે અને એક વર્ષના ગાળામાં સીઆરઝેડમાં રહેલી કચરાની સાઇટને ત્યાં ફેરવી નાખવામાં આવે.

(ii) સીઆરઝેડ-૨ના વિસ્તારોમાં -

(a) સદર નોટિફિકેશન જારી થયાના સમયે અમલમાં હોય એ ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ રેગ્યુલેશન્સ, એટલે કે જે નોટિફિકેશન જારી થયાની તારીખ ૧૯-૨-૧૯૯૧ના રોજ હયાત હોય, બાકી તત્કાળ નોટિફિકેશનમાં જેનો ઉલ્લેખ થયો હોય.

(b) ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના, -

(૧) બૃહદ મુંબઈમાં બહુ વિશાળ વિસ્તારમાં ઝૂંપડપટ્ટીઓ આવેલી છે, જેમાં લાખો પરિવારો અત્યંત ખરાબ સ્થિતિમાં જીવી રહ્યા છે. સ્થાનક સુધરાઈ પણ તેમના સુધી પીવાનું પાણી, વીજળી, રસ્તા, ગટર વગેરે પાયાની સુવિધા પહોંચાડવા માટે સક્ષમ નથી, કારણ કે તેનો વિકાસ બિનઆયોજિત રીતે આડેધડ અને ગીચોગીચ થયો છે.

(૨) જે ઝૂંપડપટ્ટી દરિયાકાંઠે જ આવેલી છે, તેના પર વાવાઝોડા, આંધી કે સુનામી જેવા ખતરાઓ તોળાતા રહે છે. આવા કપરા સંજોગોમાં તેમના સુધી રાહત પહોંચાડવી કે તેમનો બચાવ કરવો પણ મુશ્કેલ હોય છે.

(૩) ઝૂંપડાવાસીઓને સુવિધાપૂર્ણ નિવાસો પૂરા પાડવા માટે રાજ્ય સરકાર ઝૂંપડપટ્ટી પુનર્વસન યોજના લાવી શકે, જેનો અમલ સીધો તે પોતે અથવા તો તેની સહયોગી એજન્સીઓ જેવીકે મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએચએડીએ), શિવશાણી પુનર્વસન પ્રકલ્પ લિમિટેડ (એસપીપીએલ), મુંબઈ મેટ્રોપોલિટન રીજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) જેવી સંસ્થાઓ થકી કરી શકે.

એવી જોગવાઈ કરવામાં આવી છે કે -

(i). આવી પુનર્વસનની યોજના સીધી રીતે અથવા સંયુક્ત સાહસના ધોરણે અથવા જાહેર-ખાનગી ભાગીદારી કે અન્ય આવા જ મોડલ થકી અમલી બનશે, માત્ર એટલું નક્કી રહેશે કે રાજ્ય સરકાર કે તેની સહયોગી એજન્સીનો હિસ્સો ૫૧ ટકાથી ઓછો નહીં હોય.

(ii) આવી પુનર્વસન યોજનાઓમાં ફ્લોર સ્પેશ ઇન્ડેક્ષ કે ફ્લોર એરિયા રેશિયો ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ રેગ્યુલેશન્સના નિયમો જે તે પ્રોજેક્ટને અધિકૃત ઓથોરિટી તરફથી મંજૂરી મળે ત્યારે જે હોય ત્યારે જે હોય તે લાગુ પડશે.

(iii) રાજ્ય સરકારની સાથે શરત-૧ અનુસાર પ્રોજેક્ટ હાથ પર ધરનાર એજન્સીની જવાબદારી રહેશે કે ભાડવાતને પણ ઘર પૂરા પાડવામાં આવે અથવા તો રાજ્ય સરકારના જે નિયમો હોય તે મુજબ માપદંડો રાખવામાં આવે.

**(c) ખખડધજ, જીર્ણ અને અસલામત ઇમારતોનું પુનર્વસનઃ**

બૃહદ મુંબઈમાં સીઆરઝેડ વિસ્તારમાં જૂના અને ખખડીગયેલાં, જીર્ણ અને અસલામત મકાનો મોટી સંખ્યામાં આવેલાં છે. તે અત્યંત જૂનાં હોવાથી જોખમી છે અને અકસ્તામ સર્જે તેવાં છે. માટે તેને પાડીને નવા જ બાંધવા પડે. આ પ્રોજેક્ટ પણ અહીં આપેલી શરતો અને સલામતીને ધ્યાનમાં રાખીને ચલાવવાનો રહેશે :

(૧). પુનર્વિકાસ કે ફરી બાંધકામના પ્રોજેક્ટ્સમાં ઇમારતના એકલા માલિકને અથવા તો ખાનગી ડેવલપર સાથે હયાત નિયમોને આધીન રહીને સીધી રીતે સંકળાઈને કે પછી સંયુક્ત સાહસના ધોરકે કે પછી એવા કોઈ સમાન મોડલના આધારે તેનું કામ કરવાનું રહેશે.

(૨). આ પુનબાંધકામની યોજનામાં ફ્લોર સ્પેશ ઇન્ડેક્ષ કે ફ્લોર એરિયા રેશિયો ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ રેગ્યુલેશન અનુસાર જ રહેશે. અધિકૃત ઓથોરિટી દ્વારા આ પ્રોજેક્ટને જ્યારે મંજૂર કરવામાં આવ્યો હોય ત્યારના નિયમો લાગુ પડાશે.

(૩). પુનર્વિકાસ કે પુનર્બાંધકામ વખતે પ્રોજેક્ટ હાથ ધરનાર એજન્સીએ શરત ૨(i) અનુસાર મૂળ ભાડવાતના કાયમી રહેઠાણ અંગે પણ ખાતરીબદ્ધ કરાવવાના રહેશે.

(d) ઝૂંપડપટ્ટીના પુનર્વસન અને ખખડધજ, જીર્ણ અને અસલામત ઇમારતોના પુનર્બાંધકામનું કામ, જે આ નોટિફિકેશ થકી હાથ ધરાશે, તેમાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓ જવાબદેહિતાવાળી અને પારદર્શકતાથી સમ્પન્ન કરવા માટે પ્રોજેક્ટ હાથ ધરનારાઓએ અહીં આપેલાં પગલાંને જ્યાં લાગુ પડે ત્યાં અનુસરવાનું રહેશે :

૧. (i) અધિકૃત સત્તામંડળ દ્વારા મંજૂર કરવામાં આવેલા પુનર્વસન કે પુનર્બાંધકામના તમામ પ્રોજેક્ટમાં માહિતી અધિકાર કાયદો-૨૦૦૫ લાગુ પડશે.

(ii) એમઓઈએફ મહારાષ્ટ્ર સરકાર સાથે વિચારણા કરીને સીપીઆઈઓની સ્થાપના કરવાના અને યોગ્ય કક્ષાએ પ્રથમ એપેલેટ ઓથોરિટી નીમવાના આદેશ આપશે.

(iii) માહિતી અધિકાર કાયદો-૨૦૦૫ના ખંડ-૪ની જરૂરી જોગવાઈ પ્રમાણે મહારાષ્ટ્ર સરકારની સંબંધિત ઓથોરિટી દ્વારા ઝુંપડપટ્ટી પુનર્વસનની યોજનાની સમગ્ર પ્રપોઝલ તથા લાયક ઝુંપડપટ્ટીવાસીઓનાં નામ સહિતની તમામ વિગતો સામેથી જાહેર કરવાની રહેશે.

(iv) રાજ્ય સરકારના પ્રોજેક્ટ સાથે જોડાયેલી અમલીકરણ કે કાર્યકારી એજન્સીએ પેટા ફકરા પાંચની ત્રીજા નંબરની બાબતની બી અને સી પેટા બાબતને બતાવતી વિગતો પ્રોજેક્ટની સાઇટ (સ્થાન) પર તથા અમલીકરણ એજન્સીની ઓફિસ પર દર્શાવવાની રહેશે. લાયક ઠરેલા બિલ્ડરનાં નામ, કુલ કેટલા રહેઠાણ બાંધવામાં આવનાર છે તેની વિગતો, જેમને આ રહેઠાણના એકમો ફાળવવામાં આવશે એવા ઝુંપડપટ્ટીવાસીઓનાં નામ અને મુક્તપણે વેચવા માટે ઉપલબ્ધ વિસ્તાર વગેરે વિગતો તેમાં દર્શાવવાની રહેશે.

(v) પેટા ફકરા પાંચની ત્રીજી બાબતની બી અને સી પેટા બાબત અંતર્ગત તૈયાર કરવામાં આવેલા પ્રોજેક્ટને ત્યારે જ મંજૂરી મળી શકશે જ્યારે પ્રોજેક્ટની તમામ વિગતો માહિતી અધિકાર કાયદો-૨૦૦૫ અંતર્ગત આવરી લેવાની વાત સાથે પ્રોજેક્ટ ચલાવનારા સહમત હોય.

૨. એમઓઈએફ કંટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા (જેનો હવે કેગ તરીકે ઉલ્લેખ કરીશું)ની મદદથી સ્ટેચ્યુટરી ઓડિટરની નિમણૂક કરી શકે છે, જેના દ્વારા ખખડધજ, જીર્ણ અને અસલામત ઇમારતોના પુનર્વસનના પ્રોજેક્ટ તથા ઝુંપડપટ્ટી પુનર્વસન યોજનાઓ સાથે સંબંધિત પ્રોજેક્ટના પરફોર્મન્સ અને ફિસ્કલ ઓડિટિંગ હાથ ધરાશે.

૩. પેટા ફકરા પાંચની ત્રીજી બાબતની બી અને સી પેટા બાબતના અમલીકરણના સમયાંતરે મૂલ્યાંકન (રિવ્યૂ) માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઉચ્ચ સ્તરીય નિરીક્ષણ સમિતિની રચના કરાશે, જેમાં જુદા જુદા હિતધારકોના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ, જેવાકે આર્કિટેક્ટ, અર્બન પ્લાનર, એન્જિનિયર અને નાગરિક સમાજની સાથે સાથે સ્થાનિક શહેરી તંત્રો, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી પણ લોકો તેમાં સામેલ હશે.

(e) બૃહદ મુંબઈ વિસ્તારના હરિયાળા ફેફસાના રક્ષણ અને સંભાળ માટે તમામ ખુલ્લી જગ્યાઓ, પાર્ક્સ, બગીચાઓ, રમતનાં મેદાનો વગેરે સીઆરઝેડ-૨ અંતર્ગતના વિકાસ આયોજનોમાં દર્શાવાતા સ્થળોને સીઆરઝેડ-૩માં આવરી લેવાયેલા છે, જે નો ડેવલપમેન્ટ ઝોનમાં ગણાશે.

(f) જોકે, મનોરંજન અને રમતને સંબંધિત પ્રવૃત્તિઓ માટે આ પ્રતિબંધિત વિસ્તારોમાં નાગરિક સુવિધા, સ્ટેડિયમ, જિમ્નેશિયમ વગેરેમાં ૧૫ ટકા સુધી ફ્લોર સ્પેશ ઇન્ડેક્ષનું ધોરણ જાળવીને બાંધકામ થઈ શકશે. આ સ્થળોને રહેઠાણ કે વ્યાપારી વપરાશ માટે મંજૂર કરાશે નહીં.

(g) કોલીવાડા નામનો માછીમારોની વસાહતનો વિસ્તાર ૧૯૮૧ના વિકાસ આયોજનમાં કે મહારાષ્ટ્ર સરકારના સંબંધિત દસ્તાવેજોમાં અંકિત કરાયેલો છે, તેનું માપન કરીને સીઆરઝેડ-૩ જાહેર કરવાનો છે, જેથી આ વસાહતમાં આવાસીય એકમોનું કોઈ પણ પ્રકારનું બાંધકામ કે ફેરબાંધકામમાં સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરના નગર નિયોજનના નિયમો લાગુ પડશે.

(h) રાજ્ય સરકાર દ્વારા માછીમાર સમુદાયો અને અન્ય સ્થાનિક સમુદાયોનાં ઝૂંપડાંઓના પુનર્બાંધકામ અને મરામતનું કામને અધિકૃત ઓથોરિટી દ્વારા અગ્રતાક્રમે ધ્યાન પર લઈને મંજૂરી આપવાની રહેશે. આ બાંધકામ સંબંધિત કાર્ય સ્થાનિક અને રાષ્ટ્રીય સ્તરના નગર નિયોજનના નિયમોને આધિન કરવાનાં રહેશે.

૨. કેરળ માટે સીઆરઝેડ

કેરળ રાજ્યના દરિયાકાંઠે મર્યાદિત જમીન સાથે બેકવોટર અને બેકવોટરના ટાપુઓનું જે અનોખું દરિયાઈ માળખું આવેલું છે, તેને ધ્યાનમાં રાખીને સીઆરઝેડમાં અહીં જણાવેલી પ્રવૃત્તિઓનું નિયમન કરાશે. પ્રવૃત્તિઓ આ મુજબ છે :

(i). કેરળના બેકવોટરમાં આવેલા તમામ ટાપુઓનો સીઆરઝેડ નોટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

(ii) બેકવોટરમાં આવેલા સદર દ્વીપો પર એચટીએલથી જમીન તરફના ૫૦ મીટર પહોળાઈ સુધીના વિસ્તારનો સમાવેશ સીઆરઝેડમાં થશે.

(iii) બેકવોટરમાં આવેલા ટાપુઓ પર એચટીએલથી ૫૦ મીટરના વિસ્તારમાં આવેલી સ્થાનિક સમુદાયોની ઝૂંપડપટ્ટીઓનું સમારકામ કે પુનર્બાંધકામ હાથ ધરાશે અને કોઈ નવા બાંધકામને મંજૂરી અપાશે નહીં.

(iv) સદર ટાપુઓ પર એચટીએલથી ૫૦ મીટર જમીન તરફના વિસ્તારમાં આવેલા ઝૂંપડાંઓના બાંધકામ માટે ગ્રામ પંચાયતની મંજૂરી મેળવવાની રહેશે.

(v) દરિયાકાંઠે જરૂરી સવલતો, જેવીકે માછીમારી માટે ડક્કો, મચ્છી સૂકવવાના યાર્ડ, જાળ સૂકવવાના યાર્ડ, પરંપરાગત રીતે માછળીની સૂકવણી, નાવ બનાવવાના યાર્ડ, બરફનાં કારખાનાં, હોડીની મરામત વગેરે સદર બેકવોટર ટાપુઓ પર ૦-૫૦ મીટરના વિસ્તારમાં કરી શકાશે.

૩. ગોવાનું સીઆરઝેડ, -

પૌરાણિક ઇતિહાસ ધરાવતા ગોવા રાજ્યમાં વિકાસને કારણે ઊભી થયેલી નવી પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને અમુક ખાસ પ્રવૃત્તિઓનું નિયમન કરવામાં આવશે અને અહીં જણાવેલાં પગલાં ભરવામાં આવશે.

(i). ગોવા સરકારે ગોવાના સમગ્ર દરિયાકાંઠે એવા માછીમારી ગામોને નોટિફાઇ કરવાના રહેશે જેમાં માછીમારી અને તેને સંબંધિત પ્રવૃત્તિઓ માટે કેટલીક સુવિધાઓ જરૂરી છે, જેવીકે, પરંપરાગત મચ્છી પ્રક્રિયા યાર્ડ, હોડી બનાવવા કે મરામત કરવાના યાર્ડ, જાળ સાચવવાના યાર્ડ, બરફનો સંગ્રહ, હરાજી હોલ, જેટ્ટી વગેરે પૂરી પાડવાની રહેશે.

(ii) સીઆરઝેડમાં મંજૂરી મળે એ રીતે સ્થાનિક સમુદાયોનાં માળખાઓનું પુનર્બાંધકામ, મરામત કાર્યો.

(iii) સપ્ટેમ્બરથી મે વચ્ચેના મહિનાઓમાં માત્ર ને માત્ર હંગામી અને મોસમી માળખાંઓના નિર્માણ.

(iv) પર્યાવરણીય દૃષ્ટિએ સંવેદનશીલ અને નીચાણવાળા વિસ્તારમાં આવેલ ભરતીગ્રસ્ત ખજાન તરીકે જાણીતી જમીનની માપણી કરવી.

(v) આવી ખજાન જમીનમાં આવેલા મેન્ગ્રોવ્ઝનું રક્ષણ કરાશે અને ખજાન જમીન માટે મેનેજમેન્ટ પ્લાન ઘડાશે તેમજ ખજાન જમીનમાં કોઈ પણ વિકાસલક્ષી પ્રવૃત્તિઓને મંજૂર કરાશે નહીં.

(vi) રેતીના કુદરતી ઢગલા, બીચનો પટ્ટો, અખાત અને ક્રીકો સાથે જોડાયેલા બીચનો સર્વે કરીને નક્શાકરણ હાથ ધરાશે. સદર રેતીના કુદરતી ઢગલાવાળા વિસ્તારમાં કોઈ પણ પ્રકારની વ્યાપારી પ્રવૃત્તિને મંજૂરી મળશે નહીં.

(vii) મંડ્રેમ, મોર્જિમ, ગાલ્ગિબા અને અગોંડા જેવા બીચ કાચબાના માળા માટેનાં સ્થાનો છે અને વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨ અંતર્ગત સંરક્ષિત છે અને આ વિસ્તારોનો સર્વે હાથ ધરાશે તથા કાચબાના માળા ધરાવતાં સ્થળો માટે મેનેજમેન્ટ પ્લાન હાથ ધરવામાં આવશે.

(viii) પેટા ફકરા (vii)માં દર્શાવેલા કાચબાના પ્રજનન સ્થળો પર કોઈ પણ પ્રકારની વિકાસલક્ષી પ્રવૃત્તિઓને મંજૂરી મળશે નહીં.

૪.	(a) સુંદરવન અને અન્ય જૈવિક (ઇકોલોજીકલી) દ્દષ્ટિએ મહત્ત્વપૂર્ણ વિસ્તારોને સમાવતા ક્રિટિકલ વલ્નરેબલ કોસ્ટલ એરિયાજ (સીવીસીએ)નું વ્યવસ્થાપન માછીમાર સહિતના સ્થાનિક સમુદાયોને સામેલ કરીને કરવાનું રહેશે, -

(b) સુંદરવનનો આખો જૈવિક પ્રદેશ અને અન્ય જૈવિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ વિસ્તારો, જેવાકે, ગુજરાતમાં ખંભાતનો અખાત અને કચ્છનો અખાત, મહારાષ્ટ્રમાં માલવણ, અચરા-રત્નાગીરી, કર્ણાટકમાં કાર્વર અને કુન્ડાપુર, કેરળમાં વેંબનાદ, ઓરિસામાં ભૈતરકનિકા, આંધ્રપ્રદેશમાં કોરિંગા, પૂર્વ ગોદાવરી અને ક્રિષ્નાને સ્થાનિક માછીમારો અને અન્ય સમુદાયો, જેમની આજીવિકા આ વિસ્તારોનાં સંસાધનો પર આધારિત છે, તેમની સાથે ચર્ચા-વિચારણા કરીને, દરિયાકાંઠાનાં સંસાધનો અને પરિનિવેશો (હેબિટાટ)ના ટકાઉ ઉપયોગ અને જાળવણીના ઉદ્દેશ સાથે ગંભીર જોખમગ્રસ્ત દરિયાકાંઠા વિસ્તાર (ક્રિટીકલ વલ્નરેબલ કોસ્ટલ એરિયાઝ-સીવીસીએ) જાહેર કરાશે.

(c) એઓઈએફે રાજ્ય સરકાર, સ્થાનિક દરિયાકાંઠા સમિતિઓ અને માછીમારો સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી તૈયાર કરેલી અને નોટિફાઇ કરેલી માર્ગરેખાઓમાં સીવીસીએના આયોજન, નોટિફાઇંગ અને અમલીકરણની સમગ્ર પ્રક્રિયાનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જોઈએ.

(d) આવા સીવીસીએમાં મેન્ગ્રોવ્સ, સ્થાનિક સમુદાયોની જરૂરિયાતો જેવીકે, દવાખાનાં, શાળા, જાહેર વર્ષાઘર, જાહેર શૌચાલય, પુલો, રસ્તાઓ, જેટ્ટીઓ, દરિયાઈ માર્ગો, ગટર લાઇન, પાણીની લાઈન તેમજ સમુદ્રની વધતી જળ સપાટી, એ બધાને ધ્યાનમાં રાખીને તેમના સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન્સની તૈયારી માટે પાંચમા ફકરાને ધ્યાનમાં રાખીને સંકલિત મેનેજમેન્ટ પ્લાન (આઈએમપી) ઘડવાના રહેશે.

(e) આઈએમપીને બહાલી મળે અને મંજૂરીની મહોર લાગે ત્યાં સુધી પરંપરાગત રીતે દરિયાકાંઠે વસતા લોકોની જરૂરિયાતો, જેવીકે, દવાખાનાં, શાળાઓ, જાહેર વર્ષાઘર, જાહેર શોચાલય, પુલો, રસ્તાઓ, જેટ્ટી, પાણી પુરવઠા અને ગટર લાઇન વગેરેને માછીમાર સહિતના સ્થાનિક સમુદાયને ધ્યાનમાં રાખીને સીઝેડએમએ દ્વારા અલગ અલગ કિસ્સાના ધોરણે મંજૂર કરાશે.

ફાઇલ નં. ૧૧-૮૩/૨૦૦૫-IA-III
જે. એમ. મૌસકર, અધિક સચિવ

---

પરિશિષ્ટ-૧

દરિયાકાંઠા વિસ્તાર વ્યવસ્થાપન આયોજનો તૈયાર કરવા માટેની માર્ગરેખાઓ

૧. એ. ભરતીની ઉચ્ચતમ જળરેખા અંકિત કરવી.
(૧) નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ ઝોનની ભલામણના આધારે પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા અધિકૃત એજન્સી ભરતીની ઉચ્ચતમ જળરેખા (એચટીએલ) અને ઓટની સૌથી નીચેની જળરેખા (એલટીએલ)ના અંકનનું કામ કરે છે.
(૨) કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત એજન્સી ૧:૨૫,૦૦૦ના સ્કેલ પર એચટીએલ કે એલટીએલને કોસ્ટલ ઝોન મેનેજેન્ટ (સીઝેડએમ)માં અંકિત કરે છે.
(૩) સીઆરઝેડ નિર્ધારિત કરવા માટે સ્થાનિક તંત્રોના અધિકારીઓ માટે સ્થાનિક સ્તરે સીઝેડએમના નક્શાઓ તૈયાર કરવામાં આવશે.
(૪) કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલા સીઝેડએમ નક્શાના આધારે સ્થાનિક સ્તરના સીઝેડએમ નક્શા કેડેસ્ટ્રલ સ્કેલ પર તૈયાર કરાશે.
બી. સીઝેડએમ નક્શાઓ તૈયાર કરવા.
(૫) સર્વે ઓફ ઇન્ડિયાના ૧:૨૫,૦૦૦ સ્કેલના નક્શાનો આધાર લેવામાં આવશે અને જ્યાં ૧:૨૫,૦૦૦ સ્કેલના નક્શા ઉપલબ્ધ ન હોય ત્યાં ૧:૫૦,૦૦૦ના નક્શાને એનલાર્જ કરીને તેના આધારે નક્શા તૈયાર કરાશે અને આવા નક્શાના સ્ટાન્ડર્ડ સ્પેશિફિકેશન અહીં નીચે આપેલા છેઃ

| | | |
|---|---|---|
| યુનિટ | : | ૭.૫ માઇન્યુટ બાય ૭.૫ માઇન્યુટ |
| નંબરિંગ | : | સર્વે ઓફ ઇન્ડિયાની શીટ નંબરિંગ સિસ્ટમ |
| હોરિઝોન્ટલ ડેટમ | : | એવરેસ્ટ અથવા WGS 84 |
| વર્ટિકલ ડેટમ | : | મીન સી લેવલ (એમએસએલ) |
| ટોપોગ્રાફી | : | સર્વે ઓફ ઇન્ડિયાના નક્શામાંની ટોપોગ્રાફીમાં લેટેસ્ટ સેટેલાઇટ |

ઇમેજિસ કે એરિયલ ફોટોગ્રાફીનો ઉપયોગ કરીને અપડેટ કરી લેવાનું રહેશે.
(૬) મૂળ નક્શાઓ પર અંકિત કરેલા ઉચ્ચ જળ રેખા (એચડબલ્યુએલ) અને નિમ્ન જળ રેખા (એલડબલ્યુએલ)ને સીઝેડએમના નક્શામાં લઈ જવાની રહેશે.
(૭) સીઆરઝેડ નોટિફિકેશન અનુસાર એચટીએલ અને એલટીએલના અંકન માટે એચડબલ્યુએલ કે એલડબલ્યુએલની વ્યવસ્થિત ગોઠવણી માટે ફીલ્ડમાં કોસ્ટલ જિઓમોર્ફોલોજિક સિગ્નેચર કે સેટેલાઇટ તસવીરો કે આકાશી તસવીરોનો ઉપયોગ કરવામાં આવે છે.
(૮) એચટીએલ એલટીએલના અંકન વખતે અહીં જણાવેલા જિઓમોર્ફોલોજિક ફીચર્સને ધ્યાનમાં રાખવા જોઈએ -
- રેતાળ દરિયાકાંઠાના કિસ્સામાં જમીન તરફના ખડકોની ટોચની પટ્ટી
- પથ્થરો, માથાની જમીન, ભેખડ
- સમુદ્રી દીવાલ કે બંધપાળા કે તટબંધ
(૯) એચટીએલને ધ્યાનમાં રાખીને ૫૦૦ મીટર અને ૨૦૦ મીટરની રેખાઓ દોરવી.
(૧૦) જિઓમોર્ફોલોજિકલ સિગ્નેચર્સ અને ફીચર્સની મદદથી ભરતી પ્રભાવિત દ્વીપ પરનાં જળાશયોના કાંઠા સાથે એચટીએલ (સીઆરઝેડ નોટિફિકેશનમાં નિર્ધારિત થયા પ્રમાણે) અને એલટીએલ સીએમઝેડ નક્શાઓમાં દોરવા-દર્શાવવા.
(૧૧) નોટિફિકેશન અનુસાર વિવિધ કાંઠા વિસ્તારનું વર્ગીકરણ કરવું.
(૧૧) માહિતીના પેટા-વર્ગીકરણને હાઇલાઇટ કરવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ધારાધોરણ અનુસારના કલર કોડનો ઉપયોગ કરવો.

સી. સ્થાનિક સ્તરના સીઝેડએમ નક્શાઓ

સ્થાનિક સ્તરના સીઝેડએમ નક્શા સ્થાનિક કચેરીઓ અને અન્ય એજન્સીઓને કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ પ્લાન્સના અમલીકરણમાં ખૂબ ઉપયોગી થઈ શકે એ માટે છે.
(૧૩) મૂળ નક્શાની જેમ કેડેસ્ટ્રલ (ગામ) નક્શાઓ ૧ : ૩૯૬૦ અથવા તો તેની શક્ય નજીકના સ્કેલમાં તૈયાર કરવા.
(૧૪) આ નક્શાઓ સ્ટાન્ડર્ડ ધારાધોરણ મુજબના હોવા જોઈએ અને મહેસૂલ કચેરી પાસે પણ ઉપલબ્ધ હોવા જોઈએ.
(૧૫) એચટીએલ (સીઆરઝેડ નોટિફિકેશનમાં નિર્ધારિત કરાયા મુજબ) અને એલટીએલનું ગામના નક્શામાં રેખાંકન કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકૃત કરાયેલા સીઝેડએમ નક્શાઓ પ્રમાણે કોસ્ટલ જિઓમોર્ફોલોજિકલ સિગ્નેચર કે ફીચર્સના ભૌતિક ચકાસણીના આધારે વિગતે કરવાનું રહેશે.
(૧૬) અંકિત કરાયેલી એચટીએલના અનુસંધાનમાં ૫૦૦ મીટર અને ૨૦૦ મીટરની રેખા દોરવામાં આવશે.
(૧૭) એચટીએલ( સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અનુસાર) અને એલટીએનું ભરતીપ્રભાવિત જળાશયોના કાંઠા સહિતનું રેખાંકન જિઓમોર્ફોલોજિકલ સિગ્નેચર્સ અને ફીચર્સનો ઉપયોગ કરીને કરવાનું રહેશે.
(૧૮) વર્ગીકરણને સીઝેડએમ પ્લાન્સમાંથી સ્થાનિક સ્તરના સીઝેડએમ નક્શામાં ટ્રાન્સફર કરવાનું રહેશે.
(૧૯) પ્રતીકો સીઝેડએમના નક્શાઓમાંથી જ સ્વીકારવાના રહેશે.
(૨૦) સીઝેડએમમાં વાપરવામાં આવેલા કલર-કોડનો જ અહીં ઉપયોગ કરવાનો રહેશે.
(૨૧) કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકૃત કરાયેલી સ્થાનિક એજન્સી દ્વારા ગામના નક્શા તૈયાર કરાશે. સ્થાનિક એજન્સીએ સંબંધિત રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશની સીઝેડએમ ઓથોરિટીના માર્ગદર્શન હેઠળ કામ કરવાનું રહેશે.

ડી. ભય અંકલન :-

૨. સીઆરઝેડ વિસ્તારોનું વર્ગીકરણ
(૧) સીઆરઝેડ નોટિફિકેશનના પાંચમા ફકરાના આધારે સીઆરઝેડ-૧,૨,૩,૪ અને ૫નું રેખાંકન કરીને સીઝેડએમ નક્શાઓ તૈયાર કરવામાં આવશે.
(૨) સીએમઝેડ નક્શાઓમાં વિસ્તારના જમીનના વપરાશની વિગતો સ્પષ્ટપણે દર્શાવવાની રહેશે અને સીઆરઝેડ-૧ની યાદી બનાવવાની રહેશે. ફકરા ૭(૧) એ અને બી અંતર્ગતના તમામ સીઆરઝેડ-૧ વિસ્તારોને નક્શામાં સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે અને કલર તથા કોડ આપવામાં આવશે, જેથી સીઆરઝેડ-૧ના દરેકે દરેક વિસ્તારનો ઓળખી શકાય.
(૩) ચેરિયા (મેન્ગ્રોવ્સ) વિસ્તારને અડીને આવેલો ૧૦૦૦ ચોરસ મીટરના બફર વિસ્તારને મેન્ગ્રોવ્સ એરિયાથી અલગ પાડવા માટે જુદા રંગથી દર્શાવવામાં આવે.
(૪) બફર ઝોનનું વર્ગીકરણ પણ સીઆરઝેડ-૧માં થશે.
(૫) એમઓઈએફ દ્વારા અંકિત કરવામાં આવેલી જોખમ રેખાને સીઝેડએમ નક્શાઓમાં ૧ : ૨૫,૦૦૦ના સ્કેલમાં ઉપસાવવામાં આવે અને ગામના નક્શામાં પણ તેને ઉપસાવીને દર્શાવવામાં આવે.
(૬) સીઆરઝેડ-૨ એટલે એવા વિસ્તારો જે સાતત્યપૂર્ણ રીતે વિકસ્યા હોય અને જેનો બિલ્ટ અપ રેશિયો કુલ પ્લોટથી ૫૦ ટકાથી પણ વધારે હોય.
(૭) સીઆરઝેડ વિસ્તારોમાં આવેલાં માછીમારોનાં ગામોમાં માછીમાર સમુદાયની સહિયારી સંપત્તિઓ, માછીમારીની જેટ્ટી, બરફનું કારખાનું, માછલી સૂકવવાનો વિસ્તાર કે માછીમાર અને અન્ય સ્થાનિક સમુદાય માટે માટે જરૂરી માળખાકીય સુવિધાઓ, જેવીકે, દવાખાનું, રસ્તાઓ, શાળાઓ વગેરેને પણ સ્થાનિક નક્શામાં દર્શાવવું જરૂરી છે. રાજ્ય સરકારે વિગતવાર અભ્યાસ કરીને લાંબાગાળાના ભાવિને ધ્યાનમાં રાખીને, સ્થાનિક લોકોની સ્વચ્છતા અને જોખમ સામે સજ્જતાની જરૂરિયાતને પણ ધ્યાને રાખીને આયોજન તૈયાર કરવાનું રહેશે.
(૮) ઉપર જણાવ્યા સિવાયની કોઈ પણ વિકાસલક્ષી પ્રવૃત્તિને જોખમ રેખા અને ૫૦૦ મીટર કે ૧૦૦ મીટર કે જમીન તરફના વિસ્તારમાં ક્રીકની પહોળાઈ વચ્ચેના વિસ્તારમાં મંજૂરી આપવામાં આવશે નહીં. જોખમ

રેખાથી દરિયા તરફના પ્રદેશમાં આવેલા માછીમાર અને અન્ય સ્થાનિક સમુદાયનાં રહેઠાણનાં મકાનો જો રિલોકેટેડ ન કરવામાં આવ્યા હોય. રાજ્ય સરકારે આવા સ્થાનિક સમુદાયનાં રહેઠાણનાં મકાનોની સુરક્ષા માટે જરૂરી વ્યવસ્થા ઊભી કરવાની રહેશે.
(૯) સીઆરઝેડ-૪ના જળ વિસ્તારો દર્શાવવાના રહેશે અને જો તે સમુદ્ર, ખાડી, બેકવોટર, ક્રીક, કાંઠો, ઓસ્ટરી કે પછી એવી કોઈ નવલ હાઇડ્રોગ્રાફિક કચેરી દ્વારા વપરાતી પરિભાષામાં વર્ગીકૃત થતાં જળાશયોને વધુ સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે.
(૧૦) જળાશયમાં માછીમારી કરવાનો વિસ્તાર અને માછલી ઉછેરવાના વિસ્તારને સ્પષ્ટપણે દર્શાવવાના રહેશે.,
(૧૧) કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જળની ગુણવત્તાના ધારાધોરણ અનુસાર પ્રદૂષણના સ્તર પ્રમાણે જળ વિસ્તાર દર્શાવવાના રહેશે.
(૧૨) સીઆરઝેડ-૫માં વપરાશમાં આવતી જમીનને સીઝેડએમપીમાં વિશેષપણે ઉપસાવીને દર્શાવવાની રહેશે અને સીઆરઝેડ-૧, ૨, ૩ અને ૪ પણ સ્પષ્ટપણે અંકિત કરવાના રહેશે.
(૧૩) દરિયાતરફના વિસ્તારમાં હયાત જે કંઈ અધિકૃત બાંધકામ હોય તેનું પણ નક્શામાં અંકન કરવાનું રહેશે.
(૧૪) વાવાઝોડાથી બચવા માટેનો આસરો, વર્ષા-ઘર, હેલિપેડ અને અન્ય માળખાકીય સુવિધાઓ, જેમાં રસ્તાઓનો સમાવેશ થાય છે,  એવી ખાસ બાબતોને સીઝેડએમના નક્શામાં દર્શાવવામાં આવશે, તેની પાછલનો ઉદ્દેશ એ છે કે તેનાથી વાવાઝોડાં, આંધી, ત્સુનામી જેવી આફતો વખતે બચાવ અને રાહત કાર્ય સરળતાથી કરી શકાય.

૩. સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અનુસાર એમઓઈએફે બહાલી આપેલા સીઝેડએમ આયોજનો
(૧) સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૧૧ અંતર્ગત જ્યારે સીઝેડએમ આયોજનો તૈયાર કરાશે ત્યારે સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અંતર્ગત મંજૂર કરાયેલા સીઝેડએમ આયોજનો સાથે તેની તુલના કરાશે. સીઆરઝેડ નોટિફિકેશન, ૧૯૯૧ અંતર્ગત મંજૂર કરાયેલા સીઝેડએમ આયોજનોને જોતાં જો સીઆરઝેડ નોટિફિકેશન, ૨૦૧૧ હેઠળ મંજૂર કરાયેલા સીઝેઢએમ આયોજનોમાં કાંઈક આડુઅવળું જણાતો સંબંધિત સીઝેડએમ સત્તામંડળે તેનું સમાધાન કરવાનું રહેશે.

૪. સીઝેડએમ આયોજન અંગે લોકોનો મત

(એ) પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ અનુસાર તૈયાર કરાયેલા સીઝેડએમ આયોજનોના કાચા મુસદ્દાને વ્યાપક પ્રસિદ્ધિ આપીને લોકો તરફથી સૂચનો અને વાંધાઓ મગાવવામાં આવશે. સંબંધિત સીઝેડએમ ઓથોરિટીઝ દ્વારા જિલ્લા સ્તરે જન સુનાવણીનું આયોજન કરવામાં આવશે.

(બી) પ્રાપ્ત થયેલાં સૂચનો અને વાંધાઓના આધારે સીઝેડએમ આયોજનોમાં સુધારા-વધારા કરવામાં આવશે અને સુધારેલો મુસદ્દો બહાલી માટે એમઓઈએફને મોકલી આપવામાં આવશે.

(સી) બહાલીપ્રાપ્ત સીઝેડએમ આયોજનોને એમઓઈએફ, સંબંધિત રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશની સીઝેડએમ ઓથોરિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે અને તેની નકલ (હાર્ડ કોપી) પંચાયત કચેરી, જિલ્લા કલેક્ટરની કચેરી અને એવી સરકારી ઓફિસોમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૫. સીઝેડએમ આયોજનોમાં સુધારા-વધારા
(૧) જ્યારે પણ કોઈ શંકા ઉદ્‌ભવે ત્યારે સંબંધિત રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશની સીઝેડએમ ઓથોરિટી મામલાને નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટ સમક્ષ લઈ જશે, જે લેટેસ્ટ સેટેલાઇટ છબીઓ અને જમીની હકીકતોના આધારે શંકાનું-સમસ્યાનું સમાધાન કરી આપશે.
(૨) સુધારેલા નક્શાને એમઓઈએફને તેના રેકોર્ડ માટે સુપરત કરવાનો રહેશે.

---

પરિશિષ્ટ - ૨

પેટ્રોલિયમ અને રાસાયણિક ઉત્પાદનોની યાદી જેના સંગ્રહની મંજૂરી મળેલી છે. (સીઆરઝેડ - ૧(એ) સિવાયના તમામ સીઆરઝેડ)

(૧) ક્રુડ ઓઇલ,
(૨) પ્રવાહી પેટ્રોલિયમ વાયુ (એલપીજી),
(૩) મોટર સ્પિરિટ,
(૪) કેરોસીન,
(૫) એવિયેશન ઈંધણ,
(૬) હાઇ સ્પીડ ડીઝલ,
(૭) લુબ્રિકેટિંગ ઓઇલ,
(૮) બ્યુટેન,
(૯) પ્રોપેન,
(૧૦) કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી),
(૧૧) નેપ્થા,
(૧૨) ફરનેશ ઓઇલ,
(૧૩) લો સલ્ફર હેવી સ્ટોક,
(૧૪) પ્રવાહી કુદરતી ગેસ (એલએનજી),
(૧૫) રાસાયણિક ખાતરો અને રાસાયણિક ખાતર બનાવવાનો કાચો માલ

---

પરિશિષ્ટ - ૩

**પર્યટકો અને મુલાકાતીઓને રાખવા માટે સીઆરઝેડ - ૩ અને સીઆરઝેડ-૨ના ડેઝિગ્નેટેડ વિસ્તારોમાં એમઓઈએફની આગોતરી મંજૂરી સાથે બીચ રિસોર્ટ અને હોટલ વિકસાવવા માટેની માર્ગરેખાઓ**

૧. પર્યટકો અને મુલાકાતીઓને રાખવા માટે સીઆરઝેડ - ૨ અને ૩ના ડેઝિગ્નેટેડ વિસ્તારોમાં એમઓઈએફની આગોતરી મંજૂરી સાથે બીચ રિસોર્ટ અને હોટલ સ્થાપવા-વિકસાવવા માટે અહીં આપેલા શરતોનું પાલન થવું જરૂરી છે,

(a) પ્રોજેક્ટના સંચાલકોએ એચટીએલથી જમીન તરફના વિસ્તારમાં ૨૦૦ મીટરની અંદર અને એલટીએલ અને એચટીએલની વચ્ચેના વિસ્તારમાં કોઈ પણ પ્રકારનું બાંધકામ કરવું નહીં.

(b) પ્રસ્તાવિત બાંધકામ જોખમ રેખા અથવા તો એચટીએલથી ૨૦૦ મીટરના અંતરમાંથી જે વધારે હોય તેનાથી બહાર હોવું જોઈએ.

(c) ખાનગી મિલકતને ફરતે હરિયાળા આવરણ (વેજિટેટિવ કવર) સાથે જીવંત વાડ કે વાયરનું ફેન્સિંગને મંજૂરી મળી શકે છે, પણ શરત માત્ર એટલી જ હોય છે કે તેને કારણે લોકોને બીચ પર જવામાં કોઈ અડચણ ન આવતી હોય.

(d) કુદરતી રીતે થયેલા રેતીના ઢગલાને ક્યારેય સમતળ કરવા નહીં.

(e) ગોલ પોસ્ટ્સ, નેટ પોસ્ટ્સ અને લેમ્પ પોસ્ટ્સ સિવાય રમત-ગમતની સુવિધા માટે કોઈ પણ પ્રકારના કાયમી બાંધકામ કરવાની મંજૂરી નથી.

(f) ભોંયતળિયાના બાંધકામને મંજૂરી મળી શકે છે, પરંતુ શરત એટલી કે રાજ્ય ભૂગર્ભ જળ કચેરી પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર લાવવું પડે કે આ બાંધકામને કારણે ભૂગર્ભ જળના પ્રવાહને કોઈ પણ રીતે અવરોધ પેદા થવાનો નથી.

(g) રાજ્યની ભૂગર્ભ જળ કચેરીએ ના-વાંધા પ્રમાણપત્ર આપતા પહેલાં કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલી માર્ગરેખાઓને ધ્યાનમાં લેવી જરૂરી છે.

(h) નો ડેવલપમેન્ટ ઝોનમાં ભલે કોઈ પણ પ્રકારના બાંધકામને મંજૂરી આપવામાં આવતી નથી, છતાં ફ્લોર સ્પેશ ઇન્ડેક્ષની ગણતરીના હેતુથી સમગ્ર પ્લોટનો જે ભાગ જ્યારે નો ડેવલપમેન્ટ ઝોનમાં પડતો હોય તેને ધ્યાનમાં લેવાનો હોય છે.

(i) પ્લોટની કુલ સાઇઝ ૦.૪ હેક્ટરથી ઓછી ન હોવી જોઈએ અને તમામ માળ (ફ્લોર) પર કુલ આવરી લેવામાં આવેલો વિસ્તાર પ્લોટ સાઇઝના ૩૩ ટકાથી વધારે ન હોવો જોઈએ. જેમકે, ફ્લોર સ્પેશ ઇન્ડેક્ષ ૦૩૩થી વધારે ન હોય અને ખુલ્લો વિસ્તાર યોગ્ય હરિયાળા આવરણ સાથે અનુકૂળ લેન્ડસ્કેપ્ડ કરેલો હોય.

(j) બાંધકામ આજુબાજુના લેન્ડસ્કેપને અનુરૂપ અને સ્થાનિક આર્કિયોલોજીની શૈલી મુજબનું કરવામાં આવે.

(k) બાંધકામની એકંદર ઊંચાઈમાં સૌથી ઊંચી છત જમીનથી ૯ મીટર કરતાં વધારે ઊંચી ન હોવી જોઈએ અને બાંધકામ બે માળથી વધારે માળ ધરાવતું ન હોય. (ગ્રાઉન્ડ ફલોર અને તેના ઉપરનો એક માળ)

(l) એચટીએલથી ૨૦૦ મીટર સુધીના વિસ્તારમાંથી ભૂગર્ભ જળ ખેંચવું નહીં, ૨૦૦ મીટરથી ૫૦૦ મીટરના વિસ્તારમાં ભૂગર્ભ જળ મેળવી શકાય, પરંતુ તેના માટે કેન્દ્ર કે રાજ્યના ભૂગર્ભ જળ બોર્ડની મંજૂરી લેવી પડે.

(m) એચટીએલના ૫૦૦ મીટરના વિસ્તારમાં ઇમારતના પાયાના બાંધકામ સિવાય માટી ખોદી કાઢવી, , જમીન સમતળ કરવી કે ખોદવી  કે સ્વીમિંગ પુલ બાંધવાની મંજૂરી મળતી નથી.

(n) પ્રોજેક્ટ વિસ્તારમાં શુદ્ધીકરણ કરેલા કચરા, ઘન કચરા, વાયુઓનું ગળતર અને અવાજના સ્તરની ગુણવત્તા પર્યાવરણ (સંરક્ષણ) કાયદો, ૧૯૮૬ અને કેન્દ્ર કે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિર્ધારિત કરેલા ધારાધોરણ મુજબની જ હોય, એની ખાતરી રાખવી.

(o) ઔદ્યોગિક કચરા અને ઘન કચરાના શુદ્ધીકરણની પ્રક્રિયાઓની વ્યવસ્થા થવી જ જોઈએ અને શુદ્ધીકરણ કર્યા વિનાનો ઔદ્યોગિક કચરો કે ઘન કચરો દરિયાકાંઠા પર કે પાણીમાં વહેવડાવવામાં આવતો નથી તેની ખાતરી કરી લેવાની રહેશે અને દરિયાકિનારા પર ઔદ્યોગિક કચરો કે ઘન કચરાનો ખડકલો ન કરવામાં આવે તેની પણ ખાતરી કરી લેવાની રહેશે.

(p) લોકો દરિયાકાંઠે કોઈ પણ જાતની અડચણ વિના હરીફરી શકે એ માટે કોઈ પણ બે હોટલ કે બીચ રિસોર્ટ વચ્ચે ઓછામાં ઓછા ૨૦ મીટરની પહોળી જગ્યા રાખવી જરૂરી છે અને કોઈ પણ સંજોગોમાં ૫૦૦ મીટરથી ઓછું અંતર ચલાવી લેવામાં નહીં આવે.

(q) જો કોઈ પ્રોજેક્ટ અંતર્ગત જંગલની જમીનને બિન-વન્ય વપરાશ માટે ઉપયોગમાં લેવાની હોય તો વન (સંરક્ષણ) કાયદો, ૧૯૮૦ હેઠળ બહાલી મેળવવી પડે અને કેન્દ્ર કે રાજ્ય સરકારના કાયદા અનુસાર જે કંઈ પ્રક્રિયામાંથી પસાર થવું પડે તે કરવી પડે, અને

(r) સંબંધિત રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશના પ્રવાસન વિભાગ તરફથી પણ મંજૂરી મેળવવાની રહે છે.

૨. પર્યાવરણની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારો (જેવાકે, મરીન પાર્ક, મેન્ગ્રોવ્સ, પરવાળાના ટાપુઓ, માછલીઓના પ્રજનન અને ઉછેરના મેદાનો, વન્યજીવોના પરિનિવેશો અને આ પ્રકારના કેન્દ્ર કે રાજ્ય સરકાર, કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા નિર્દિષ્ટ કરાયેલા વિસ્તારો)માં બીચ રિસોર્ટ કે હોટલના બાંધકામની મંજૂરી અપાશે નહીં.

---

પરિશિષ્ટ - ૪

સીઆરઝેડ નોટિફિકેશન હેઠળ આવતા પ્રોજેક્ટની મંજૂરી માગવા માટેનું ફોર્મ - ૧

| | |
|---|---|
| પ્રાથમિક માહિતી :- | |
| પ્રોજેક્ટનું નામ :- | |
| ધ્યાનમાં હોય એવી જગ્યા કે સ્થળના વિકલ્પો :- | |
| પ્રોજેક્ટનું કદ (કુલ વિસ્તારના સંદર્ભમાં) :- | |
| સીઆરઝેડના વર્ગીકરણ મુજબનો વિસ્તાર :- | |
| પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ :- | |
| સંપર્કની વિગતો :- | |

(૨). પ્રવૃત્તિ

૧. પ્રોજેક્ટ કાર્યરત થાય ત્યારે સ્થાનિક સ્તરે ભૌતિક ફેરફારો (રૂપરેખા, જમીનનો ઉપયોગ, જળાશયોમાં ફેરફાર અને એવા) માટે કારણભૂત બને એવી બાંધકામ, કાર્યવાહી કે પ્રોજેક્ટને અટકાવવાની પ્રવૃત્તિઓ

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૧.૧ | કાયમી અથવા હંગામી ધોરણે જમીનના વપરાશ, આવરી લેવાયેલી જમીન કે રૂપરેખા ઉપરાંત જમીન વપરાશની વધી શકતી તીવ્રતા (સ્થાનિક જમીન વપરાશ આયોજનના અનુસંધાનમાં) | | |
| ૧.૨ | મંજૂર પામેલા સીઆરઝેડ આયોજન અનુસાર સીઆરઝેડ વર્ગીકરણની વિગતો? | | |
| ૧.૩ | સીઆરઝેડ-૧ના વિસ્તારમાં આવે છે? | | |
| ૧.૪ | સીઆરઝેડ-૧ વિસ્તારથી કેટલું દૂર છે? | | |
| ૧.૫ | એમઓઈએફ/ રાષ્ટ્રીય આફત વ્યવસ્થાપન સત્તામંડળની માપણી પ્રમાણે જોખમી વિસ્તારમાં આવેલ છે? | | |
| ૧.૬ | શું વિસ્તાર વાવાઝોડાં, ત્સુનામી, ઉછળતાં મોજાં, આંધી, ધરતીકંપ જેવાં જોખમોની સંભાવના ધરાવે છે? | | |
| ૧.૭ | શું આ વિસ્તારમાં ખારા પાણી ઘૂસી જવાની સંભાવના છે? | | |
| ૧.૮ | હયાત જમીન, હરિયાળી અને બાંધકામોને | | |

| | | | |
|---|---|---|---|
| | હટાવવામાં આવશે? | | |
| ૧.૯ | જમીનના નવા વપરાશો ઊભા કરવામાં આવશે? | | |
| ૧.૧૦ | બોર બનાવવો, જમીનની ચકાસણી જેવી બાંધકામ પૂર્વની તપાસ કરી છે? | | |
| ૧.૧૧ | બાંધકામ પ્રવૃત્તિ? | | |
| ૧.૧૨ | તોડફોડ કામગીરી? | | |
| ૧.૧૩ | બાંધકામના મજૂરોના રહેવા માટેનાં ઘર કે બાંધકામ માટે હંગામી વસાહતનો ઉપયોગ કરાશે? | | |
| ૧.૧૪ | સીધી લીટીનું (લિનિયર) માળખું, કાપણી અને ભરણી કે ખોદકામ સહિતના માટીકામ કે જમીન ઉપરની ઇમારત, માળખું | | |
| ૧.૧૫ | ખનન કે બોગદુ બનાવવા જેવું જમીન અંદરનું કામ? | | |
| ૧.૧૬ | સુધારણા કાર્ય? | | |
| ૧.૧૭ | ખોદકામ/સુધારણા/જમીન પૂરણી/ ખોદેલી માટીનો નિકાલ? | | |
| ૧.૧૮ | ઓફસોર માળખાં? | | |
| ૧.૧૯ | બનાવટ અને ઉત્પાદન પ્રક્રિયા? | | |
| ૧.૨૦ | સામાન અને કાચામાલના સંગ્રહની સુવિધ | | |
| ૧.૨૧ | ઘન કચરો કે પ્રવાહી કચરાના શુદ્ધીકરણ કે નિકાલની સુવિધાઓ? | | |
| ૧.૨૨ | કાર્યવાહક કામદારો માટે લાંબાગાળા માટેના રહેઠાણની સુવિધાઓ? | | |
| ૧.૨૩ | બાંધકામ કે કાર્યવાહી દરમિયાન નવા રસ્તાઓ, રેલવે કે દરિયાઈ મુસાફરી? | | |
| ૧.૨૪ | નવા રસ્તા, રેલ, એર વોટરબોર્ન કે અન્ય વાહનવ્યવહારનું માળખું ઉપરાંત નવા કે વૈકલ્પિક રૂટ અને સ્ટેશન, બંદર, એરપોર્ટ વગેરે? | | |
| ૧.૨૫ | ટ્રાફિક મૂવમેન્ટમાં બદલાવ માટે હયાત ટ્રાન્સપોર્ટ રૂટ કે માળખાંને બંધ કરવા કે ડાયવર્ટ કરવા? | | |
| ૧.૨૬ | નવી કે ડાયવર્ટેડ ટ્રાન્સમિશન લાઇન્સ કે પાઇપલાઇન્સ? | | |
| ૧.૨૭ | જળાશયો કે દરિયાઈ માળખાંના હાઇડ્રોલોજી બદલાવ માટે તળાવ ઊંડુ કરવું, ડેમિંગ, કલ્વર્ટિંગ રીલાઇનમેન્ટ? | | |
| ૧.૨૮ | ઝરણા અને નદી ક્રોસિંગ? | | |
| ૧.૨૯ | ભૂગર્ભજળ કે જમીન પરના પાણીને વહેવડાવવું કે ક્યાંય લઈ જવું? | | |
| ૧.૩૦ | પાણીના સ્રોતોમાં કે વહેતાં પાણી કે ગટરના પાણીની સપાટીને અસર? | | |
| ૧.૩૧ | બાંધકામ, કાર્યવાહી કે કાર્યસમ્પન્ન માટે માણસો કે કાચા માલની હેરફેર? | | |
| ૧.૩૨ | લાંબા ગાળા સુધી કામ બંધ પડવું કે ફરી શરૂ થવું? | | |

| | | | |
|---|---|---|---|
| ૧.૩૩ | બંધ કરતી વખતે ચાલુ પ્રવૃત્તિઓ જેની અસર પર્યાવરણ પર હોય? | | |
| ૧.૩૪ | લોકોનો અસ્થાયી કે કાયમી વસવાટ? | | |
| ૧.૩૫ | અજાણી (એલિયન) પ્રજાતિઓનો પરિચય? | | |
| ૧.૩૬ | સ્થાનિક જાતિઓ કે જૈવિક વિવિધતાને નુકસાન? | | |
| ૧.૩૭ | બીજી કોઈ પ્રવૃત્તિઓ? | | |

૨. પ્રોજેક્ટની કાર્યવાહી અને બાંધકામમાં કુદરતી સંસાધનોનો (જેવાંકે, જમીન, પાણી, સામગ્રી કે ઊર્જા, ખાસ કરીને એવાં સંસાધનો જે પૂનઃપ્રાપ્ય ન હોય કે મર્યાદિત માત્રામાં હોય) ઉપયોગઃ

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૨.૧ | અવિકસિત કે ખેતિની જમીન (હેક્ટર) | | |
| ૨.૨ | પાણી (અપેક્ષિત સ્રોત અને હરિફ વપરાશકારો) એકમ : કેએલડી | | |
| ૨.૩ | ખનિજ (એમટી) | | |
| ૨.૪ | બાંધકામ સામગ્રી - પથ્થરો, એગ્રીગેટ્સ, રેતી/માટી (સ્રોત - એમટી) | | |
| ૨.૫ | વન્ય અને ઇમારતી લાકડું (સ્રોત - એમટી) | | |
| ૨.૬ | વીજળી અને ઇંધણ સહિતની ઊર્જા (સ્રોત- હરિફ વપરાશકારો), યુનિટ - ઈંધણ (એમટી), ઊર્જા (એમડબલ્યુ) | | |
| ૨.૭ | અન્ય કોઈ કુદરત સંસાધનો (યોગ્ય માપદંડ એકમનો ઉપયોગ) | | |
| | | | |

૩. એવી ચીજવસ્તુઓ કે સામગ્રીના વપરાશ, હેરફેર, ઉપયોગ કે ઉત્પાદન, જેનાથી માનવ આરોગ્ય કે પર્યાવરણને નુકશાન પહોંચી શકે અથવા તો માનવ આરોગ્ય પર વાસ્તવિક કે સંભવિત ખતરો પેદા થઈ શકે.

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૩.૧ | માનવ આરોગ્ય (એમએસઆઈએસી નિયમો અનુસાર)કે પર્યાવરણને (પશુ-પંખી, વનસ્પતિ અને પાણીના પ્રવાહો) માટે જોખમી ચીજવસ્તુઓ કે સામગ્રીનો વપરાશ | | |
| ૩.૨ | માંદગી ફેલાવા અથવા માંદગીના મચ્છરોને (જેમકે, કીટાણુઓ કે પાણી જન્ય રોગો) અસર કરતાં બદલાવો | | |
| ૩.૩ | લોકોની સુખાકારી પર પ્રભાવ જેમકે, જીવનશૈલીમાં બદલાવ? | | |

| | | | |
|---|---|---|---|
| ૩.૪ | હોસ્પિટલના દર્દી, બાળકો, મોટેરાઓ વગેરે પ્રોજેક્ટથી પ્રભાવિત થનારાં ભયગ્રસ્ત જૂથો | | |
| ૩.૫ | સ્થાનિક સમુદાયો, માછીમારોને, તેમની આજીવિકાને, રહેઠાણના એકમોને અસરકર્તા અન્ય કોઈ પણ કારણો | | |

૪. બાંધકામ કે કાર્યવાહી કે કાર્યસમ્પન્ન દરમિયાન ઘન કચરાનું ઉત્પાદન (એમટી/મહિનો)

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૪.૧ | બગાડ, વધારાનો માલ કે ખાણનો કચરો | | |
| ૪.૨ | સુધરાઈનો કચરો (ઘરેલુ અને વ્યાપારિક કચરો) | | |
| ૪.૩ | જોખમી કચરો (જોખમી કચરા વ્યવસ્થાપન નિયમો અનુસાર) | | |
| ૪.૪ | અન્ય ઔદ્યોગિક પ્રક્રિયાઓનો કચરો | | |
| ૪.૫ | વધારાનું ઉત્પાદન | | |
| ૪.૬ | સિવેજ પ્રવાહી-કચરો અને શુદ્ધીકરણ પ્રક્રિયામાંથી નીકળતો અન્ય પ્રવાહી-કચરો | | |
| ૪.૭ | બાંધકામ અને તોડફોડનો કચરો | | |
| ૪.૮ | ફાજલ યંત્રો કે સાધનો | | |
| ૪.૯ | પ્રદૂષિત માટી કે અન્ય સામગ્રી | | |
| ૪.૧૦ | ખેતીનો કચરો | | |
| ૪.૧૧ | અન્ય ઘન કચરો | | |

૫. હવામાં કોઈ પણ જાતનાં જોખમી પ્રદૂષકો કે જોખમી, ઝેરી કે નુકસાનકારક ઘટકોનો નિકાલ (કિગ્રા/અવર)

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૫.૧ | સ્થાવર કે જંગમ સ્રોતોમાંથી મળતા અશ્મિભૂત ઈંધણ બાળવાથી થતો ધુમાડો | | |
| ૫.૨ | ઉત્પાદન પ્રક્રિયામાંથી નીકળતો ધુમાડો | | |
| ૫.૩ | સંગ્રહ અને હેરફેર સહિત માલ પર થતા કામમાંથી નીકળતો ધુમાડો | | |
| ૫.૪ | પ્લાન્ટ અને સાધન-સામગ્રી સહિતની બાંધકામ પ્રવૃત્તિઓમાંથી નીકળતો ધુમાડો | | |
| ૫.૫ | બાંધકામ સામગ્રી, સિવેજ અને કચરાની કાર્યવાહી કરતી વખતે ઉડતી ધુળ કે દુર્ગંધ | | |
| ૫.૬ | કચરાનો નાશ કરતી વખતે થતો ધુમાડો | | |
| ૫.૭ | ખુલ્લી હવામાં કચરાને બાળવાથી થતો ધુમાડો | | |

| | | | |
|---|---|---|---|
| | (જેમકે કાપાકૂપીમાંથી વધેલી સામગ્રી, બાંધકામનો કાટમાળ વગેરે) | | |
| ૫.૮ | અન્ય કોઈ પણ સ્રોતથી થતો ધુમાડો | | |

૬. અવાજ અને ધ્રુજારી ઊભી થવી અને પ્રકાશ અને ગરમી પેદા થવી :

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૬.૧ | એન્જિન, વેન્ટિલેટશન પ્લાન્ટ, ક્રશર જેવાં યંત્રો ચાલવાથી | | |
| ૬.૨ | ઔદ્યોગિક અને તેના જેવી પ્રક્રિયામાંથી | | |
| ૬.૩ | બાંધકામ કે તોડફોડની કામગીરીમાંથી | | |
| ૬.૪ | વિસ્ફોટ કે ઊથલપાથલના કામમાંથી | | |
| ૬.૫ | બાંધકામ અને કાર્યકારી ટ્રાફિકમાંથી | | |
| ૬.૬ | પ્રકાશ કે ઠંકડ પેદા કરતાં યંત્રોમાંથી | | |
| ૬.૭ | અન્ય કોઈ સ્રોતમાંથી | | |

૭. ખુલ્લી જમીન પર કે ગટર, સપાટી પરના પાણી, ભૂગર્ભ જળ, દરિયાકાંઠાનું પાણી કે દરિયામાં છોડવામાં આવતાં પ્રદૂષકોને કારણે જમીન અને પાણીનું દૂષિત થવાનાં જોખમો :

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૭.૧ | જોખમી સામગ્રીની હેરફેર, સંગ્રહ, ઉપયોગ કે ગળતરમાંથી | | |
| ૭.૨ | પાણી કે જમીનમાં ગટર કે અન્ય કચરાનો નિકાલ (અપેક્ષિત માધ્યમ અને નિકાલની જગ્યા) | | |
| ૭.૩ | હવામાં છોડવામાં આવેલાં પ્રદૂષણનું જમીન અને પાણીમાં જમા થવું | | |
| ૭.૪ | અન્ય કોઈ પણ સ્રોતમાંથી | | |
| ૭.૫ | આ સ્રોતોમાંથી પર્યાવરણને લાંબા ગાળા સુધી પ્રદૂષણનું જોખમ પેદા થાય છે? | | |

૮. પ્રોજેક્ટની કાર્યવાહી અને બાંધકામ દરમિયાન અકસ્માતોનું જોખમ, જેનાથી માનવ આરોગ્ય કે પર્યાવરણને નુકસાન પહોંચી શકે.

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૮.૧ | જોખમી ચીજવસ્તુઓના સંગ્રહ, હેરફેર, ઉપયોગ કે ઉત્પાદન વખતે વિસ્ફોટ, ગળતર, આગ વગેરેમાંથી | | |
| ૮.૨ | અન્ય કોઈ કારણોમાંથી | | |
| ૮.૩ | શું કુદરતી આફતોથી (પૂર, ધરતીકંપ, ભેખડ ધસી પડવી, વાદળો ફાટવા વગેરે) અસરગ્રસ્ત થઈને આ પ્રોજેક્ટ પર્યાવરણને નુકસાનકારક સાબિત થઈ શકે છે? | | |

૯. હયાત કે આયોજિત પ્રવૃત્તિઓ સાથે પર્યાવરણીય અસર કે સંચિત અસરોની સંભાવના ઊભી કરતાં પરિબળો (જેવાકે સાતત્યપૂર્ણ વિકાસ)ને ધ્યાનમાં રાખવા જોઈએ

| **ક્રમ** | **માહિતી/ ચેકલિસ્ટ કન્ફર્મેશન** | **હા/ના** | **માહિતીના સ્રોત સાથેની વિગતો (શક્ય બને ત્યાં સુધી અંદાજિત જથ્થો/ભાવ)** |
|---|---|---|---|
| ૯.૧ | સહાયક વિકાસને વેગ આપવો<br>- પ્રોજેક્ટ દ્વારા વેગ મળ્યો હોય એવા વિકાસ અને સુવિધાઓ, જે પર્યાવરણ પર અસર ઊપજાવી શકે છે જેમકે,<br>- આંતરમાળખાને સહાય (રસ્તાઓ, વીજ પુરવઠો, કચરો કે કચરાનું શુદ્ધીકરણ વગેરે)<br><br>- હાઉસિંગ ડેવલપમેન્ટ -<br>ખાણ ઉદ્યોગો<br>- પુરવઠા ઉદ્યોગો<br>- અન્ય | | |
| ૯.૨ | સ્થળનો કાર્યપૂર્ણ થયા પછીનો ઉપયોગ, જેની પર્યાવરણ પર અસર પડી શકે | | |
| ૯.૩ | ભાવિ વિકાસ માટે આદર્શ ઊભો કરવો | | |
| ૯.૪ | અન્ય સમાન અસર ધરાવતા હાલના કે ભાવિ પ્રોજેક્ટોની સંચિત અસરો | | |

૩. પર્યાવરણીય સંવેદનશીલતા

| **ક્રમ** | **વિસ્તારો નામ/ઓળખ** | **હવાઈ અંતર (૧૫ કિમીની અંદર)** | **પ્રસ્તાવિત પ્રોજેક્ટ વિસ્તારની હદ** |
|---|---|---|---|
| ૧. | વિસ્તારના ઇકોલોજિકલ, કુદરતી સૌંદર્ય, સાંસ્કૃતિક અને સંબંધિત અન્ય મૂલ્યને કારણે આંતરરાષ્ટ્રીય સંધિઓ, રાષ્ટ્રીય કે સ્થાનિક કાયદાઓ હેઠળ તેનું સંરક્ષણ | | |
| ૨. | ઈકોલોજિકલ કારણોની બાબતોમાં મહત્ત્વપૂર્ણ કે સંવેદનશીલ વિસ્તારો - જળપ્લાવિત પ્રદેશ, જળાશયો, દરિયાકાંઠાનો વિસ્તાર, બાયોસ્ફીઅર, પર્વતો, જંગલો | | |
| ૩. | મહત્ત્વપૂર્ણ કે સંવેદનશીલ સજીવ-વનસ્પતિની પ્રજાતિના પ્રજનન, માળા બાંધવા, વિચરણ, આરામ, ઓવર વિન્ટરિંગ, સ્થળાંતર માટે વિસ્તારનું સંરક્ષણ | | |
| ૪. | દ્વીપ, દરિયાકાંઠો, મરીન અને ભૂગર્ભ જળ | | |
| ૫. | રાજ્ય, રાષ્ટ્રીય સરહદો | | |
| ૬. | જાહેરજનતા દ્વારા મનોરંજન અને અન્ય પ્રવાસન કે ધાર્મિક યાત્રાના વિસ્તારોમાં રસ્તાઓ અને અન્ય સુવિધાઓ | | |
| ૭. | સૈન્ય વસાહતો | | |
| ૮. | વસતીની ગીચતા ધરાવતો કે બાંધકામ પામેલો વિસ્તાર | | |
| ૯. | માનવ-નિર્મિત સંવેદનશીલ વિસ્તાર (હોસ્પિટલ, શાળાઓ, પૂજાનાં સ્થલો, જાહેર સુવિધાઓ) | | |
| ૧૦. | અતિ મહત્ત્વપૂર્ણ, ઉચ્ચ ગુણવત્તાવાળાં અને દુર્લભ સંસાધનોથી સભર વિસ્તારો (ભૂગર્ભ જળ સ્રોતો, સપાટી પરના સ્રોતો, વનીકરણ, ખેતી, માછીમારી, પર્યટન, ખનિજો) | | |
| ૧૧. | જે વિસ્તારમાં પ્રદૂષણ કે પર્યાવરણીય નુકસાનની ફરિયાદ પહેલેથી જ છે. (જ્યાં હયાત કાયદેસરના પર્યાવરણીય ધારાધોરણોનું ઉલ્લંઘન થાય છે.) | | |
| ૧૨. | એવા વિસ્તારો જેના પર કુદરતી જોખમ સતત તોળાયેલું રહે છે, જેને કારણે પ્રોજેક્ટ થકી પર્યાવરણની મોટી સમસ્યા ઉદ્ભવી શકે છે. (ધરતીકંપ, ભૂસ્ખલન, જમીનનું ધોવાણ, પૂર કે આત્યંતિક કે વિપરીત હવામાનની સ્થિતિઓ) | | |

---